તિલક તુષાર

યાને

ટમટમતા તારલા

મ. પ ભુવનવિજયજી ગણી

[પ્રથમ પરિચ્છેદ]

પ્રકાશક
બુદ્ધિતિલક જૈન જ્ઞાનમંદિર
પોસ્ટ ભાભર
વાયા પાલનપુર [બના[illegible]]

શ્રી મુનિસુવ્રત સ્વામિને નમ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ
શ્રી બુદ્ધિતિલક સદ્ગુરુભ્યો નમ

આ પુસ્તિકા અનુયોગાચાર્ય પ્રશાન્ત મૂર્તિ પૂ
પન્યાસ પ્રવર શ્રી તિલકવિજયજી ગણિવર્યની
૨૫મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે

પૂ પન્યાસ શ્રી ભુવનવિજયજી ગણિવર્યના
શિષ્યરત્ન મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ
સાહેબના સદુપદેશથી

શ્રી હાડેજાનગરનિવાસી શાહ પ્રભુલાલ ધરમાજી
ભાઇ તરફથી સપ્રેમ ભેટ

વીર સવત ૨૪૯૪ વિક્રમ સવત ૨૦૨૪
કાર્તિક શુક્લ પચમી


મુદ્રક બાબુલાલ આર શાહ
બીના પ્રિન્ટરી, ૫૦૧ ખોડી આળની, અમદાવાદ-૧

આમુખ

યદ્યપિ મોનેગી સુવાક્યોની નાની મોટી પુસ્તિકાઓનુ પ્રકાશન થઈ ચૂકયુ છે અને વર્તમાનમા પણ થઈ રહ્યુ છે અને તે લોકભોગ્ય જરૂર હશે જ તથાપિ આ એક લઘુતમ પુસ્તિકામા કેટલાએક મોનેગી સૂત્રો લોકોપયોગી સાથ વ્યાખ્યાનકારને પણ પોતાની વાણીને વેગ આપવા માટે પૂરતા છે

સુરાગ સરાગ સાથે સંગ્રહુ મોનેગી સૂત્રોની એની સુદર સજાવટ કરવામા આવી છે કે વાચકને ભાવનાટી અને ચિત્તાકર્ષક લાગ્યા વિના નહિ રહે

આશા છે કે સાહિત્યોદ્યાનમાથી વીણી કાઢવામા આવેલા તિલક તુષારના આ પચરંગી પુષ્પોની પરિમલ પ્રત્યેક વ્યક્તિને પ્રભાવિત કરશે જ



મોચી કુભાર અને મ ળીની સ્ત્રીઓ સોળ આના માલિક ગણાય કારણ કે તે પોતાના પતિનુ બધુ જ કામ કરે છે ખેડૂતની સ્ત્રી બધુ કામ કરે છે પણ ગાડુ કે હળ ન હાંકે તેથી તે બાર આના માલિક ગણાય વેપારીની સ્ત્રીઓ આઠ આના અમલદારોની સ્ત્રીઓ ચાર આના માલિક ગણાય અને પૈસાદારોની સ્ત્રીઓ પડછાયા રૂપે હોય છે કારણ કે તેઓ કઈજ કામ કરવા ઇચ્છતી નથી

*

કડછી જેમ દાળના સ્વાદને સમજી શકતી નથી તેમ મૂર્ખ પુરુષો શાસ્ત્રના રહસ્યને સમજી શકતા નથી

*

દુ ખનો વિચાર જ ન કરવોને આપણા દુખોનુ અત્યુત્તમ ઔષધ છે,

*

જેમ જળકુકડી પ્રાણી પાણીમા ફરવા છતા પણ પાણીથી ભીજાતુ નથી તેવી રીતે મુકતાત્મા પણ સ સારના દોષોથી લિપ્ત થતો નથી

*

ખરેખર ધન યૌવન અને ભોગ એ જળમા પ્રતિબિ બિત ચન્દ્રમાની માફક ચ ચળ છે

*

સત્યયુગમા પ્રાણ અસ્થિમા રહે છે ત્રેતાયુગમા પ્રાણ માસમાં રહે છે દ્વાપરમાં રુધિરમા રહે છે અને કળિયુગમા પ્રાણ અન્નમા રહે છે

*

૧ વાણીનો વેગ (ઉદ્ધત વાક્ય પ્રયોગ) મનના વેગ (ક્રોધી વભાવ) જીવ્હાનો વેગ (સ્વાદીલાપણુ) ઉદરનો વેગ (ભૂખ) અને ઉપસ્થનો વેગ (ભોગની ભીખ) આ પાચ વેગોને વીર પુરુષ જ પચાવી શકે છે અને તે વ્યક્તિ પૃથ્વી પર પ્રભુત્વ જમાવી શકે છે

*

૨ અધિક ભોજન શક્તિ ઉપરાત પરિશ્રમ અતિશય બકવાદ અને અત્યત કષાયથી ભક્તિનો છોડ મુરઝાઇ જાય છે

*

૩ શરીરને કેવલ ન ખવરાવવુ એ જ ઉપવાસ છે એમ નહિ કિન્તુ મનમા કુવિકલ્પ કુવિચાર અને કુવાસના પ્રવેશવા ન દેવી તેનુ નામ પણ ઉપવાસ છે

*

૪ ભોજન જેવી ચીજ કોઇને ખાવા ન દેતા ભવાતરમા તેને ખાવા નથી મલતુ એ અન્નનો અતરાય કરવામા આટલો ગેરલાભ થાય છે તો પછી ધર્મ જેવી ચીજનો અતરાય કરવામા આવે તો જન્મોજન્મમા સત્યાનાશનુ પૂછવુ જ શુ ?

*

૫ સત્પુરૂષોની પર્યુપાસનાના પરિણામે જ્ઞાન વિજ્ઞાન પ્રત્યાખ્યાન સયમ અને સિદ્ધિ જેવા સદ્ગુણોની ઉત્તરોત્તર સપ્રાપ્તિ થાય છે

*

૬ બીજાનુ ખરાબ કરવાનો વખત દિવસમા સો વાર આવે છે જ્યારે કોઇની ભલાઇ કરવાનો વખત જીવનમા ભાગ્ય જ આવે છે

*

૭ વીરની વાણી એટલે ભવોભવની તૃષાને શાન્ત કરનાર શીતલ પાણી

*

૮ તિમિરમાથી તેજ શોધે વિષમાથી વિશ્વાસ શોધે અને કટકમાથી ગુલાબ શોધે તેજ માનવ

*

૯ દુધ કાઢવાની રીતિએ હાથની યોગ્ય પ્રક્રિયા કરવામા આવે તો જ દુધણી ગાય દુધ આપે છે તેમ આરાધના રૂપી કામ ધેનુ પણ તેજ રીતિએ દોહન કરવામા આવે તો જ ફલદા બને છે

*

૧૦ અધિકાશે જ્ઞાન ની જ મહતા સ્વીકારી હોત તો અવિરતિ દેવોની ગણના શ્રમણ ભગવતોની દષ્ટિએ ઉચ્ચ શ્રેણીમા ગણવામા આવતી

*

૧૧ પર્વાધિરાજની મ ગલમય ઉપાસના દુષ્ટને દેવ ઇન્સાનને ઈશ્વર ડાકુને દયાવીર પુરૂષને પુરૂષોત્તમ અને નરાધમને નરોત્તમ બનાવે છે માનવમા પહાડ જેવી નિશ્ચલતા અને લોખડ જેવી નક્કરતા હોત તો માનવી દુ ખી થાત નહિ

*

૧૩ જેની આખમા અમી તેને કોઇ વાતની નહિ કમી અને તેની દુનિયા સમી

*

૧૪ પ્રેમમા વિદ્યુત શક્તિ છે પ્રેમ સાવજને પણ શાન્ત કરી શકે છે શત્રુને પણ સહાયક બનાવે છે પ્રેમ ગુલાબથી પણ કોમલ છે પ્રેમ મદનપખથી પણ સુ દર છે, કસ્તુરિકાથી પણ સુવાસિત અને ચ દ્રથી પણ શીતલ છે, જ્યા કોઇ ન પહોચી શકે ત્યા પ્રેમ પહોચી વળે છે જેને કોઈ સ્પર્શી શકતુ નથી તેને પ્રેમ સ્પર્શી શકે છે જેને કોઈ છોડાવી શકતુ નથી તેને પ્રેમ છોડાવી શકે છે, ખરેખર પ્રેમ એ આપણા વ્યક્તિત્વને અનોખી આભાથી આવરી લે છે

*

૧૫ આસક્તિમાથી પ્રત્યેક અશક્તિઓ પાગરે છે, પરિણામે બાહોશને બેહોશ બનાવે છે અને ફાકડાને રાકડા બનાવીને રડાવે છે

*

૧૬ કાટાઓ વચ્ચે વસીને પણ સરોજ પોતાનુ સૌન્દર્ય અને સુવાસ સાચવી શકે છે

*

૧૭ બી વવાય ત્યારે બહુ લઘુતમ હોય છે કિન્તુ શનૈ શનૈ વિશાલ વટવૃક્ષમા પરિણત થાય છે તેમ વિચારો પણ અ તે વિરાટ રૂપ ધારણ કરે છે

૨૮ તારો ખીલેલો ચહેરો તારી ચમકતી આંખો અને કુદાકુદ કરી રહેલી જવાની એ આખર જવાની છે રહેવાની નથી

*

૨૯ માનવીનો સ્વભાવ મંકોડા સાથે સરખાવાય છે આમરણાંત પ્રકૃતિ છોડતો નથી

*

૩૦ લાલસાઓને ભસ્મીભૂત કરવાનો ભયંકર અગ્નિ તેનું નામ તપ કહેવાય છે

*

૩૧ કાલની ચાલ સાથે જેમણે પોતાના જીવનનો તાલ મેળવ્યો છે એમની દરેક ચાલ સુધારક જ નીવડે છે

*

૩૨ યૌવન આવે ત્યારે ચારિત્રનું રક્ષણ કરો અને સત્તા આવે આવે ત્યારે સ્નેહભાવનું

*

૩૩ ભૂખ્યું પેટ લૂખી રોટલીથીયે ભરાઈ શકે છે પણ ભૂખી નજર આખી દુનિયાની દોલતથીયે ધરાતી નથી

*

૩૪ અંતરના ઉંડાણનો અવાજ ઝડપથી જગદીશ્વરને પહોંચે છે

*

૩૫ દુઃખને સહી લેજો અને સુખને વહેંચી લેજો

*

૩૬ ધરતીકંપ કરતા માનવ માનવ વચ્ચેનો ધિક્કાર કંપ ભયાનક હોનારત સર્જે છે

*

૩૭ નિષ્ક્રિય ઊંડા જ્ઞાન કરતા સક્રિય સાદી સમજ મહાન છે

*

૩૮ ભૂખ્યાને ભોજન આપો, દુખીને દિલાસો આપો અને હારેલાને હિંમત આપો,

*

૩૯ વચન આપતા પહેલાં લાખવાર વિચાર કરજો, અને આપ્યા પછી પ્રાણાન્તે પણ પાલન કરજો

*

૪૦ પીડનારાને પણ પીડવાની વૃત્તિ જેના જીવનમાં ન જાગે તે પ્રશાન્ત

*

૪૧ શ્રોતા વક્તા વચ્ચે મનમેળ સ્થાપીને વ્યથા દૂર કરવાની પ્રથા એનુ નામ કથા

*

૪૨ શક્તિથી સંપાદન કરો, ભક્તિથી સંરક્ષણ કરો, અને અનાસક્તિથી સમર્પણ કરો

*

૪૩ વાણીનુ શસ્ત્ર જ્યાં નિષ્ફળ નીવડે છે ત્યાં મોટે ભાગે આંસુનુ અસ્ત્ર સફલ બને છે

*

૪૪ જે ઉચ્ચારણને આચરણનું પ્રબળ પીઠબળ નથી હોતુ તેનુ વજન ઓછુ હોય છે

*

૪૫. સર્પ અને મણિનો સમાન સંબંધ હોવા છતા પણ મણિ સર્પના દોષને સ્પર્શતો નથી અને સર્પ મણિના ગુણોને ગ્રહણ કરતો નથી

*

૪૬ લીમડા અને આંબાના મૂળ જમીનમાં ભેગા થાય તેમાં આંબો લીમડાપણું પામે છે કિન્તુ લીમડો આંબાપણુ પામતો નથી કારણ કે મોટા ભાગે કુસંસર્ગ જ જોરદાર હોય છે

*

૪૭ પુષ્પો પ્રકાશમાં તેમજ અંધકારમાં પરિમલ પાથરતા જ રહે છે

*

૪૮ આપણા અંજન બે પ્રકારના હોય છે એક વહેમ અને બીજી રહેમ

૪૯ અનિલ અને પરિમલની પેઠે પ્રીત અને ગીતને કદી બાંધી શકાતા નથી

*

૫૦ આવેશને કદાપિ આંખો હોઈ શકતી નથી

*

૫૧ દીવાદાંડીનો નાનો દીવો લાખો માનવોના પ્રાણ બચાવે છે તો માનવ શું ન કરી શકે

*

૫૨ દુરાગ્રહ વિગ્રહ જન્માવે છે અને વિગ્રહ વિનાશનો વિપ્લવ જગાવે છે

*

૫૩ પવિત્ર વિચાર કરતા અપવિત્ર વિચારમાં અનંત શક્તિ ખર્ચાય છે

*

૫૪ આત્મ જાગૃતિ થાય ત્યારે સંસાર સ્મશાનવત્ ભાસે છે

*

૫૫ લોઢાનો કાટ લોઢાને જ ખાય છે તેમ તમારો કર્મમલ તમારો જ નાશ કરે છે

*

૫૬ પૌષ્ટિક પદાર્થો માફક પૌષ્ટિક વિશેષણો માટે પણ પચાવવાની તાકાત જરૂરી છે

*

૫૭ પગ મૂકતા પાપ છે જોતા ઝેર છે અને માથે મરણ છે આમ વિચારી દુનિયામાં દોડો,

*

૫૮ બીજાને ઠોકર ખાતો જોઈ સંભાળીને ચાલે તે જ્ઞાની એકવાર ઠોકર ખાધા પછી બીજીવાર સંભાળીને ચાલે તે અનુભવી, વારંવાર ઠોકર ખાવા છતા ઉન્નત બનીને ચાલે તે અજ્ઞાની

*

૫૯ જલ વિહોણા સરોવરની માટીમા જેમ અનેક તડફાડ પડે છે તેમ માનવતા વિહોણા જીવનમાં અનેક તડફાડ પડે છે

*

૬૦ વિશાલ ચિન્તન નિર્મલ ચરિત્ર અને તીવ્ર સકલ્પ શક્તિથી માનવ સમગ્ર સૃષ્ટિને પોતાના ચરણે ઝુમાવી શકે છે

*

૬૧ સિંહના ટોળા ન હોય રમના પીપા ન હોય પણ ટીપા જ હોય છે

*

૬૨ તમારા ભોજનમા સ્વચ્છતા સાત્વિકતા અને પવિત્રતા હશે તો ખોરાક તમારા શરીરને ગુણ કારક થશે, નહિતર ખોરાક તમને ખાઈ જશે

*

૬૩ અનુભવનો એક કણો શિખામણના સો ગુણ બરાબર છે

*

૬૪ કામુક્તા દૃષ્ટિમા હોય છે દેહમા નહિ

*

૬૫ જ્યારે વિનાશ થવાનો હશે ત્યારે સાગરના આધીના કે વર્ષાના તોફાનોમા નહિ પણ ઝાકળના એક બિન્દુમાં જ ડૂબી નાશ પામવુ પડશે

*

૬૬ નાની એવી આંખમા પહાડો સમુદ્ર સૂર્યચન્દ્ર તારા વિગેરે કેટલુયે સમાઇ જાય છે પણ માણસ માણસની આખમા ઘણીવાર નથી સમાતો

*

૬૭ વાણીના ગુલાબો વેરવાનું મન કોને નથી ગમતુ એજ વાણીને વર્તનમા મૂકતા કાંટા કોને નથી વાગતા

*

૬૮ આશાના અજવાળે આધળો પણ સુખ દેખી શકે છે

*

૬૯ અધારામાથી અજવાળામા આવવાનો દિવસ તેનુ નામ દિવાળી

*

૭૦ ઘણી આખોમાં વિજળી ચમકે છે જ્યારે ઘણી આખોમા ચોમાસું બેસે છે

*

૭૧ સૌદર્ય એ સર્વોત્તમ સમૃદ્ધિ છે પણ મુગ્ધ કે લુબ્ધ થવા માટે નહિ

*

૭૨ સુખનુ મૂળ સમતા અને દુ ખનું મૂળ મમતા માયાનુ મૂળ મિથ્યાત્વ અને સત્યનુ મૂળ સમ્યક્ત્વ રોગનુ મૂળ ભોગ અને ભોગનુ મૂળ સયોગ હોય છે

*

૭૩ જ્ઞાન ભાડે મળે છે કિન્તુ ચારિત્ર ભાડે મળી શકતું નથી

*

૭૪ પાપના બચાવ માટે પરાધીનુ પાણી કરનાર પ્રાણી પોતાના જીવનમા ભય કર બરબાદી નોતરે છે

*

૭૫ છોકરો લીટાજ કાઢતો હોય છ છતા કોઈ પાટી ખેચતું નથી કારણ લીટા જ એકડો આપશે

*

૭૬ આશા ભલે અધૂરી રહે આશાનો આધાર ન તૂટે તે પહેલા જોજો

*

૭૭ સદ્ગુણ વિનાનુ સૌ દર્ય પરિમલ વિનાના પુષ્પ જેવુ છે

*

૭૮ કચન અને કથીરમા જેટલો તફાવત હોય છે તેટલો જ પ્રેમ અને વાસનામા હોય છે

*

૭૯ સદાચાર એ માનવ મન્દિરને સ્વચ્છ કરવાની સાવરણી છે

*

૮૦ જે સાગરમા મીઠુ પાકે છે એમા મોતીયે કયા નથી પાકતા

*

૮૧ મીઠાશ એ ભોજનમા નથી પણ ભૂખમા જ છે

*

૮૨ આરાધનાની વેલડી વ્યક્તિને વિભુતિ બનાવે છે

*

૮૩ પશ્ચાત્તાપ એ પારસમણી છે પતિતોને પાવન કરે છે

*

૮૪ વાણીશૂરા હોય તે મોટા ભાગે પાણી શૂરા હોતા નથી

*

૮૫ મહાન પુરૂષોનાં મીઠા અને મધુરા મંગલકારી વચનોની છત્રછાયા સુખદ અને શાશ્વત છે

*

૮૬ નેહ નીતરતા માબાપના બોલપાસે અમૃતનો તે સ વિસાતમ નથી

*

૮૭ પુત્ર જો માબાપની પાંખો છે તો પુત્રી આંખો છે

*

૮૮ પ્રિયજનનો સમાગમ હતાશ હૈયાને સંજીવની [illegible]

*

૮૯ વચનની વિશુદ્ધિ અને જીવનની સંશુદ્ધિ [illegible] સિદ્ધિ કોઈ સુવર્ણની વૃષ્ટિમા નથી

*

૯૦ મહાપુરુષોની વાણી બોલવામાં પરિમિત [illegible] અમૃતથી સંચિત હોય પ્રલોભનથી વંચિત [illegible] હોય છે

*

૯૧ આના સ્વરૂપ બે રીઝે ત્યારે [illegible] ભાસે છે

*

૯૨ ચૂડી ચાદલો અખંડ [illegible] હૈયા નંદવાઈ ગયેલા હોય છે

*

૯૩ શાન્તિ સદનમાં વસનાર પણ અશાન્તિની આગમાં હોમાતા હોય છે

*

૯૪ સમતા એ માનવીની સર્વશ્રેષ્ઠ મના છે

*

૯૫ આશાને અજવાળે આંધળો પણ આનંદ અનુભવતો હોય છે

*

૯૬ અકબરને પણ કબર ભેગા થવું જ પડ્યું ને !

*

૯૭ જેને સેવામાં અને પ્રેમમાં લૂટાઈ જતા આવડે છે તેના ચરણોમાં પરસહ્ન આળોટે છે

*

૯૮ વળાંક લેતી કાર અને નાર વચ્ચે ખુબ જ સામ્ય હોય છે

*

૯૯ નિરાશાની નિશાની ગોદમાં આશાની ઉષા પોઢેલી હોય છે

*

૧૦૦ સ્ત્રી જન્મભર પુરુષને મુઠીમાં રાખતી હોય છે જ્યારે ઘરની જન્મભર પુરુષની મુઠીમાં રહે છે

*

૧૦૧ નિષ્ઠુરતાની પગથારે નક્કર સિદ્ધાન્ત વાદીમાં જ ક્યારેક જોવા મળે છે

*

૧૦૨ દિલની આગ દરિયાના પાણીથી યે ન ઓલવાય

*

૧૦૩ પ્રત્યાઘાતો એ પ્રેરણાના પગથીયા છે

*

૧૦૪ કેટલીક સ્ત્રીઓ પોતાના સૌન્દર્યને બજારમાં રમતું મુકતી હોય છે

*

૧૦૫ મહોબતના માર્ગમાં સોદાગર વૃત્તિ નહિ સમર્પણ વૃત્તિ જ શોભે

*

૧૦૬ કામી અધીર હોય છે જ્યારે ક્રોધી બધિર હોય છે

*

૧૦૭ હિમત મુશીબતોમાય હસતી રહેવાની અને કળા કટો વચ્ચેય ખીલતી જવાની

*

૧૦૮ ધર્મ એટલે આત્માને પરમાત્મા પાસે પહોંચાડનાર સુમંગલ સેતુ

*

૧૦૯ પુષ્પને પામતા પહેલા પત્થરને ઘસાવું પડે છે

*

૧૧૦ માનવના આગળ મત્તા સત્તા કે મહત્તા ક્યાંય જ વિસાતમાં નથી

*

૧૧૨ પુણ્યના ગર્વ કરતાં પાપનો પશ્ચાતાપ વધુ ઉપયોગી નીવડે છે

*

૧૧૩ મોહ માયાના મૃગજળ પાછળ માનવમન મૃગ બનો જાય છે

*

૧૧૪ માણસ જ્યારે સ્થાનું ઠીર સીંચીને કોઈ પણ કાર્ય કરે તો એ પરિણામે હાસ્ય બની જાય છે

*

૧૧૫ મનામણાનો મોજ માણવા માટે જ માનવ રીસામણા કરતો હોય છે

*

૧૧ છુપુ પાપ એ લટકતી તલવાર છે

*

૧૧૭ વિલાસનો વિકાસ એટલે જીવનનો વિનાશ

૧૧૮ અંતરનો ઉંડો પ્રેમ એ ચંદન સમાન છે એ જાતે ઘસાઇને પણ જગતને શીતલ સુવાસ જ સમર્પે છે

*

૧૧૯ પહેલા વાદળને વિજળીની તીખી કરવતે વીંધાવુ પડે છે

*

૧૨૦ તનની સાથે વતન પણ છોડવુ પડશે

*

૧૨૧ માનવ પોતે જ પોતાનો શિલ્પી છે

*

૧૨૨ જીભમાથી પુષ્પો વરસે છે અને અંગારા પણ વરસે છે શુ વરસાવવુ તે તમારા ઉપર નિર્ધારિત છે

*

૧૨૩ આત્માને છેહ દેવા કરતા દેહને ચેહ દેજો

*

૧૨૪ માનવીની આંખે અજે અમી ગુમાવ્યુ છે એના હોઠે ગીત ગુમાવ્યુ છે એના મુખે હાસ્ય ગુમાવ્યુ છે મસ્તકે ખુમારી ખોઇ છે

*

૧૨૫ જ્યોતિ અને જ્વાળા પ્રકાશના જ બે સ્વરૂપો છે છતા એક ઉજાળે અને બીજુ બાળે

*

૧૨૬ પારકા માટે પગથીયા રૂપ ન બની શકો તો કંઇ નહિ ખાડો તો ન જ બનો

*

૧૨૭ આપણે ભવ ના ભજનમા, સ્વાર્થની સેવામા પ્રતિષ્ઠાની પગચંપીમા પામરતાની પૂજામા અને અહંતાની આરતીમા જ અટવાઈ રહીશુ તો આત્મોદ્ધાર ક્યારે કરીશુ

*

૧૨૮ નેતરની નમ્રતા પાસે સરિતા મહાત થઇ જાય છે,

*

૧૨૯ માનવ જીવનની માપપટ્ટી માનવી કેટલું જીવ્યો એ નહિ પરન્તુ કેવું જીવ્યો એ છે

*

૧૩૦ વ્યવસ્થા એ ઘરની શોભા છે સમાધાન એ ઘરનું સુખ છે આતિથ્ય સત્કાર એ ઘરનો વૈભવ છે સદાચાર એ ઘરનું શિખર છે અને પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે

*

૧૩૧ મનડું સવળું તો નિત્ય દિવાળી મનડું અવળું તો હમેશા દેવા હોળી

*

૧૩૨ માનવી મનના રાખના ઢગલામા પણ ઊંડે ઊંડે વાસના ના અંગારા અહર્નિશ ઉદ્દીપ્ત હોય છે

*

૧૩૩ માનવીના મન કરતા સમીર તો ઘણો સારો એને વાંસળીમા પૂરો તો ઉલટ સુમધુર સુરો સંભળાવેજ

*

૧૩૪ માણસના મોં કરતા એની આંખો વધારે બેકાબુ હોય છે

*

૧૩૫ દુનિયામાં જો અને તો ની કેવી મહાન શિલાઓ આડી પડી છે

*

૧૩૬ કુકરો હમેશા ગદવાડમાજ ગુલતાન કરી રહ્યા હોય છે

*

૧૩૭ માણસ જાતને એક એક પાપ પચી જાય એટલે બીજા સો પાપો આચરવાની ધૃષ્ટતા એવતો થઇ જશે

*

૧૩૮ પાપ કરી પ્રાયશ્ચિત કરે તે માનવ અને પાપ કરી ખોટા બચાવો ઉભા કરે તે દાનવ

*

૧૩૯ તમે કોઈ ગિરિશૃંગ પર ચ્ઢવા માગતા હો તો બોજો નીચે જ મૂકવો પડશે તેવી જ રીતે આત્મોન્નતિની અટારીયે ચઢવા ઈચ્છતા હો તો માયા મમતાનો બોજો નીચે જ મૂકવાનો રહેશે

*

૧૪૦ જે પોતાની મુસીબતોની હસી શકે છે જે ચિન્તાની ચીનગારી વચ્ચે સ્મિત કરી શકે છે તે વીર ધીર અને અમીર છે

*

૧૪૧ જ્યા આપ ત્યાજ આપદા જ્યા સશય ત્યાંજ શોક હોય છે

*

૧૪૨ દુખ જીરવવુ જેટલુ કઠીન છે તેટલુ જ સુખ પચાવવુ પણ કઠીન હોય છે

*

૧૪૩ માતાનું હ્રદય ખરેખર મહાસાગર જેવુ છે પ્રેમના અણમોલ મોતીની છીપનીયો માતૃહ્રદયના કિનારે પગે પગે પથરાતી રહે છે

*

૧૪૪ એક રીતિએ કરકસર એ દોલતની દિકરી છે

*

૧૪૫ પુરૂષોની નજરમા છુપાયેલુ પાપ સ્ત્રીઓ ઝડપથી પકડી શકે છે

*

૧૪૬ જગત માટે પોતાના જીવનને ઘસી નાખનાર પોતે ઘસાતો નથી પણ પૃથ્વી પીઠપર સ્વર્ગ ઉભુ કરે છે

*

૧૪૭ માતૃશુદ્ધિ અન્નશુદ્ધિ સગશુદ્ધિ અને આત્મશુદ્ધિ એ જીવનમા પચાગ્નિતપ કહેવાય છે

*

૧૪૮ અમૃતની મીઠી મોહકતાનું સમિશ્રણ કરીને કુદરતે માનવી પ્રીતિનુ નિર્માણ કર્યું લાગે છે

*

૧૪૯ જેમ લાકડાના મણકા ઉપરથી બાળકને સમજુતી અપાય છે તેમ મૂર્તિ ઉપરથી અજ્ઞાન જીવોને બોધ મળે છે

*

૧૫૦ માણસ પોતાને સાચો મનાવવા જેટલો આતુર હોય છે તેટલો સાચો બનવાને તૈયાર નથી હોતો

*

૧૫૧ જ્ઞાન જાણવા માટે છે અને ચારિત્ર તે વસ્તુનુ પાલન કરવા માટે છે

*

૧૫૨ સાધુને એક જીભ સાપને બે દત્તાત્રયને ત્રણ બ્રહ્મદેવને ચાર મહાદેવને પાચ કાર્તિક સ્વામીને ૭ અગ્નિને સાત રાવણને દશ અને શેષ નાગને હજાર જીભ હોય છે પણ દુર્જનના મ્હોમા રહેલી જીભની સખ્યા અગણિત છે

*

૧૫૩ જે વસ્તુ મળે તે જેને ભાવે જે વ્યક્તિ મળે તેની સાથે જેને ફાવે તેને આગળે આનદ ભવે

*

૧૫૪ તાબેદારી અને વફાદારી એ વદનના બે વળતર છે

*

૧૫૫ વિદ્યા મળે છે બુદ્ધિમાનને કિ તુ ફલે છે ગુણવાનને

*

૧૫૬ જ્યા વાણી અસમર્થ છે ત્યા આસુ શક્તિમાન બને છે

*

૧૫૭ વિશ્વાસ અને વહાલપ ટી વેની અશ્રદ્ધા અને અસૂયાના વિષથી વિનાશ પામે

*

૧૫૮ તૃષ્ણાના પ્રાસાદ કરતા ત્યાગ ની પર્ણકૂટી સારી છે

*

૧૫૯ જુસ્સો એ તેજ છે શક્તિ છે ત્યારે ગુસ્સો એ આંધળાપણુ અને અશક્તિ છે

*

१६० ઝાડ ગમે તેટલુ મોટુ હોય તો પણ પાણીનો કસ પહોચે ત્યાં સુધી જ તે ઊભુ રહે છે તેમ સદ્ગુરૂનો સમાગમ હોય ત્યાં સુધી ધર્મ ટકી શકે છે

*

१६१ સનેપાત વખતે પંડિત કે મૂર્ખ ચીથરા ચૂથતા હોય છે

*

१६२ આખો આગળ છે અને કાન પાછળ છે માટે પહેલા જુઓ અને પછી સાભળો

*

१६३ દીકરા અને દોલત એ બને કેળવ્યા વિના ભોગવી શકાતા નથી

*

१६४ રેતીના રણમા રઝળતો અને પાણીની એક અંજલી માટે ઝખતો મુસાફર જેટલી પરબની કિંમત આંકી શકે તેવી બીજો નહિ

*

१६५ જેનો માત્ર જન્મીને ન મરે પણ સાધવા યોગ્ય સાધીને મરે

*

१६६ અશોક છાયા શોક દૂર કરે છે બહેડાની છાયા કલહકારી છે અજારજ પુણ્યની હાની કરે છે જ્યારે સગર્ભા સ્ત્રીની છાયાનુ ઉલ્લંઘન કરવામા આવે તો પુરૂષાતનનો નાશ થાય છે

*

१६७ ઉષ્ટ્રના અઢારે વાંકાની કહેવત જગપ્રસિદ્ધ છે છતા પણ પાણી પીતા તો તેને પણ ડોક સીધી જ કરવી પડે છે

*

१६८ મૂછો તથા મસ્તક સિવાય નવાણુ લાખ રૂવાટા હોય છે તે બન્નેને મેળવતાં સાડી ત્રણ ક્રોડ રૂવાટા થાય છે

*

१६९ ક મેથા માણસ જાતે કઇ નહિ તો બે પ્રસગે મ્હો બધ રાખવુ જ જોઇએ પાણીમા તરતી વખતે અને ગુસ્સો આવી ચડે ત્યારે.

*

૧૭૦ બે આંખલા લડતા હોય તેની વચ્ચે જનાર માણસ સહી-સલામત પાછો આવી શકે છે પણ બે બૈરાં [illegible] હોય તેની વચ્ચે જનાર માણસ ભાગ્યેજ ઉગરી શકે છે

*

૧૭૧ તમારા પર હુમલો કરનાર દુશ્મનથી [illegible] નહિ પણ તમારી ખુશામત કરનારા મિત્રોથી સાવધાન રહેજો

*

૧૭૨ પહાડોને કારણે નદીનો પ્રવાહ કોઈ [illegible] રોકાયો નથી

*

૧૭૩ પુષ્પપર જ્યારે સામર્થ્યનું તેજ [illegible] છે ત્યારે પત્થરો પણ પલ્લવિત થાય છે

*

૧૭૪ લગ્ન એક એવો કામધુમાંગ [illegible] અંદર પડેલા બહાર આવવા મથે છ અને બહાર રહેલા [illegible] રહ્યા હોય છે

*

૧૭૫ ખરેખર મુવાની એ સ્વતંત્ર [illegible] રણ સંગ્રામમાંથી શોભે છ

*

૧૭૬ મહાપુરુષોની મહોબ્બત [illegible] ઈને પણ મહામુનિ બનાવી શકે છે

*

૧૭૭ રણયુદ્ધમાં જીતે તે [illegible] સંગ્રામમાં મૃત્યુનો [illegible] તાનને મુકાબલો કરે તે મહાવીર

*

૧૭૮ હાથ તો માત્ર [illegible] પાન કરી [illegible] ને અને હૃદય તો એવી વસ્તુનું [illegible] આપે ન ખરીદી શકાય

૧૭૯ સસારી જીવ કસાઇખાનાના માતેલા બોકડા જેવો છે કયારે છુરી ફરશે તે પોતે સમજી શકતો નથી

*

૧૮૦ સર્પના ઝેરવાળાને લીબડો મીઠો લાગે તેમ મોહનુ ઝેર ચડયુ હોય તેમ સસાર મીઠો લાગે

*

૧૮૧ પ્રભુની ભક્તિમા દેહ ભલે સ્વચ્છ હોય પણ દિલને સ્વચ્છ બનાવવામા વધુ મહત્તા છે

*

૧૮૨ વૃક્ષો પણ સૂકા પાદડાને વ્યર્થ કચરો સમજી ત્યજી દે છે

*

૧૮૩ માછલી અને મહેમાન ત્રણ દિવસ પછી ગધાવા માંડે છે

*

૧૮૪ કોઈના માટે તમે બીજ ન બની શકો તો કઈ નહિ વીજ નહિ બનતા

*

ભારત વર્ષની ભવ્ય ભગિનીઓ એક પણ દુષ્ટ વિચારને હૃદયમા સ્પર્શવા દેતી નથી

*

૧૮૬ પ્રેમ એક મનમોહક સુદર રગીન સ્વપ્ન છે જેની શરૂઆત વાહ અને અત આહમા આવે છે

*

દેહની શુદ્ધિ માટે પગથીયા ઉતરવા પડે છે અને પાણીમા માથુ બોળવુ પડે છે તેમ આત્માની શુદ્ધિ માટે પગથીયા ચડવા પડે છે અને ગુરૂના ચરણે માથુ નમાવવુ પડે છે

*

૧૮૮ તનમા તાકાત અને મનમા મસ્તી ન હોય તો જીવન શૂન્ય છે.

*

૧૮૯ હોઠ પર સ્મિત અને હૈયામા હિમત છે તેનુ જીવન સરસ અને સર્વોત્તમ છે

*

૧૯૦ જે આખોમા હોય ચેનચાળા તો શા કામની પ્રભુના નામની માળા

*

૧૯૧ આ કોઈ પણ ખાનગી વાત રાખી શકતી હોય તો તેની (ઉમર)

*

૧૯૨. મોટાઈનુ માપ ધન ઉપર નહિ પણ મન ઉપર છ

*

૧૯૩ ચદન અને વદન માનવને શીતલ અને શા ત બનાવે છે

*

૧૯૪ સ્નાનથી તન દાનથી ધન અને ધ્યાનથી મન સ્વચ્છ અને સુદર બને છ

*

૧૯૫. તૃપ્તિ હમેશા ત્યાગમા હોય છ ભોગમા નહિ

*

૧૯૬ સુખી થવુ જ હોય તો હમેશા આ ક્રિયાપદો યાદ રાખો, ચાલશે, ભાવશે ફાવશે અને ગમશે

*

ધર્મને ભૂલી શરીરની મમતા રાખવી એ ચાદન જેવા બાગદાનને બાળવા બરાબર છ

*

૧૯૮ [illegible] નીતિ કરવી જરૂરી છ [illegible] ભાવનાને અને દેખાવાને

*

૧૯૯ પ્રમુખ થવા કરતા પ્રામાણિક થવુ સારુ છે

*

૨૦૦ સાજનો પરોણો અને સાજનુ વાદળ કદી ખાલી જતુ નથી

*

૨૦૧ સાવરણી અને સ્ત્રી બને સરખા છે એક ઘરનો કચરો સાફ કરે છે અને બીજી પતિદેવના ખિસ્સા સાફ કરી નાખે છે

*

૨૦૨ કેળાની છાલ અને સ્ત્રી વચ્ચે પ્રાય સામ્ય હોય છે એક સડક પરથી ગબડાવી દે છે જ્યારે બીજી જીવનમા ગબડાવી દે છે

*

૨૦૩ ગુલાબનુ ફુલ અને સ્ત્રી લગભગ સદશ હોય છે એક થોડી વારને માટે ગળાનો હાર બની રહે છે તો બીજી જિદગી સુધીનો હાર બની બેસે છે

*

૨૦૪ ઘડીઆળ અને સ્ત્રી સરખી પ્રકૃતિના હોય છે એક ચાવી હોય ત્યા સુધી ટકટક કર્યા કરે જ્યારે બીજી વગર ચાવીએ પણ ટકટક કરવાનુ ચૂકતી નથી

*

૨૦૫ મુસીબત સામે મહોબ્બત કરે તે જ માનવ મહાન બની શકે છે

*

૨૦૬ ઘણી વખત સ્ત્રી જેમ વૃદ્ધા થતી જાય છે તેમ તેની જીભ જુવાન બનતી જાય છે

*

૨૦૭ જીભમા મારણ અને તારણ ઉભય શક્તિ છે રોગ માત્રની જન્મભૂમિ છે

*

૨૦૮ મનને મારીને નહિ પણ મનને વાળીને જીવી જાણે તે યોગી

*

૨૦૯ પગનો કાંટો સોયથી કઢાય આંખનો કાંટો રૂથી કાઢવામાં આવે અને કામનો કાંટો અન્તર્યામીની ઉપાસનાથી કઢાય

*

૨૧૦ દિલ એ દંડકારણ્ય છે જ્યાં દુર્ગુણો રૂપી દૈત્યો વસે છે ત્યાં સીતા રામ લક્ષ્મણ સેવા સ્નેહ સદાચાર પ્રવેશે ત્યારે હૃદય હર્ષીકેશ બને

*

૨૧૧ વાસનાને વામે તે ઉપાસના છે ઉપાસના એ અમૃત છે વાસના એ વિષ છે

*

૨૧૨ લાયક પર પ્રેમ કરે તે પિતા નાલાયક પર નેહ [illegible] રાખે તે માતા

*

૨૧૩ બાળકને જન્મ આપે છે માટે માતા બ્રહ્મા છે પે[illegible] છે માટે વિષ્ણુ છે અને બાળકના દોષોનો નાશ કરે છે [illegible] શંકર છે

*

૨૧૪ પત્ની લક્ષ્મી છે જ્યારે માતા મહાલક્ષ્મી

*

૨૧૫ માનવીને બે જાતની જીભ હોય છે [illegible] જીભ અગર તોતડી હશે તો અન્યને અંતરની [illegible] તોછડી હશે તો વાત કોઈના અંતરમાં રહી [illegible]

*

૨૧૬ સત્સંગ વિનાની કાયા વંધ્ય [illegible] સેવા વિનના હાથ વંધ્ય અને સ્વાધ્યાય [illegible]

*

૨૧૭ વનની ભૂલ ભુલામણી સારી યૌવનની ભૂલ ભુલામણી ભયંકર છે વનમાં કદાચ રસ્તો બતાવનાર મળે યૌવનમાં કોઈ રાહ બતાવનાર ન મળે

*

૨૧૮ નિગ્રહ વિનાનો સંગ્રહ નિરર્થક છે

*

૨૧૯ દૂર ગયેલા દર્દભર્યા દિલને આનંદથી આવરી લે તેનું નામ ઉત્સવ

*

૨૨૦ જેમાં કોઈને ઓછું ન આવે ને પરસ્પર મમત્વ વધે તેનું નામ મહોત્સવ,

*

૨૨૧ તન-મન અને ધનને વાપરવાની મોસમ તેનું નામ મહોત્સવ

*

૨૨૨ વેર વિરોધ વિસારવાનો સોનેરી સુંદર અવસર તેનું નામ મહોત્સવ

*

૨૨૩ પરસેવો એટલે પરમેવા પરસેવા હશે ત્યાં પરમાત્મા વસે

*

૨૨૪ સજ્જન પુરુષ કહે તે ટકોર બીજા કરે તે ટકટક કહેવાય છે ટકોર હમેશા ચકોર બનાવે છે જ્યારે ટકટક તકરાર જન્માવે છે

*

૨૨૫ હમેશા ટકોર ટૂંકી હોય છે અને તે તક જોઈને કરાય છે

*

૨૨૬ ખાઇ જવાની દાનત કદી ન ખૂટે લઇ જવાની દાનતથી જ ખૂટી પડે છે

*

૨૨૭ પિંડ ભરવો બરાબર છે પણ પર પોટલા બાંધવા તે પાપ છે સ્નાન અને પાન પછી પણ માનવીને લોટો ભરી જવાની ટેવ છે પશુઓને ખાતાં અને પીતાં આવડયું એને તૃષ્ણા ન પડશે, માણસને ખાતાં પીતાં ન આવડયું એને હમેશાં તાણ જ રહી

*

૨૨૮ સજ્જનો ઉપવાસ કરે ઉપહાસ નહિ

*

૨૨૯ માનવ જ્યારે માનવતા પ્રસારે છે ત્યારે પથરો પણ પ્રાણવંતા બને છે

*

૨૩૦ નિન્દા સાંભળનાર બીજાને સંભળાવનાર વધુ પાપી છે

*

૨૩૧ બાપ કે ગુરુની આંખમાં ન સમાય તે દીકરો નહિ તેમ શિષ્ય નહિ

*

૨૩૨ લગ્ન માટે વરઘોડે ચડે છે ઘોડાના ચાર પગ પુરુષાર્થના પ્રતીક રૂપે છે ઘોડાને બે પેગડાં છે તે ક્ષમતા અને સમતાના સૂચક છે ઘોડાને લગામ છે તે સંયમની સુબોધક છે ઘોડો એક પગ ઉપાડે છે એટલે— બ્રહ્મચર્યાશ્રમને વટાવી એ બીજા આશ્રમમાં પ્રવેશ કરે છે

*

૨૩૩ લગ્ન એ સમર્પણની વિદ્યાપીઠ છે, કન્યાનો પિતા તેનો કુલપતિ છે કન્યાદાન તેની સાર્થક શિક્ષા છે પ્રેમમાં પ્રતારણા ન હોઈ શકે

*

૨૩૪ આંખો એ અન્તઃકરણનો કિનારો છે

*

૨૩૫ જ્યાં છે નમન ત્યાં છે અમન

*

૨૩૬ જીવનમા ઘણા ભાગે માણસો પગ પુણ્યમા બોળી રાખે છે અને માથુ મોહમા

*

૨૩૭ લક્ષ્મી સ પન્ન વધારે સારો

*

૨૩૮ રામ એટલે સમર્પણ અને સીતા એ ગે સેવા, રામ એટલે સ તોષ અને સીતા એટલે શાન્તિ

*

૨૩૯ જરૂર કરતા ઝાઝુ મેળવવા મથે તે દરિદ્રી

*

૨૪૦ આધિને રહેવાની જગ્યા મન વ્યાધિને તન અને ઉપાધિને રહેવા ી જગ્યા તે ધન છે

*

૨૪૧ સ દેહ હ મેશા સ્નેહનો શત્રુ છે

*

૨૪૨ કાયાથી નહિ પણ કાળજાથી નમન કરો, કાયા સાથે કાળજુ નમવુ જોઈએ

*

૨૪૩ બોલવાનુ બહુ કામ આખ થોડામા જ પતાવી દે છે

*

૨૪૪ આખ ઓળખાણ રાખતી હોય તો જીભથી ઓળખાણ તાજી કરવાની જરૂર નથી

*

૨૪૫ ભૂલને પ પાળનાર અને યાદ કરનાર એક દષ્ટિએ વિનાશને નોતર છે

૨૪૬ ભૌતિક રંગરાગોની રૂપરેખા અસ્થિર અનિત્ય અને આંતર કલહ જન્માવનારી છે ખરેખર તે મન્દિરના શિખરપરની ધ્વજા, કુશાગ્રપર રહેલા જલબિન્દુઓ તડિલ્લેખા હસ્તિકર્ણ અને પીપળાના પાન સરીખી અસ્થિર છે

*

૨૪૭ અદલી દેજો પત્લી દેજો, મોટા ઘરનુ માણુ દેજો માણામાથી પાલી દેજો પાલીમાથી પવાનુ દેજો પવાલામાથી ખોમો દેજો ખોબામાથી ધોબો દેજો ધોબામાથી મૂઠી દેજો અને મૂઠીમાથી ચપટી દેજો

*

૨૪૮ દીપાવલી આવી તુ રૂમઝુમ ચાલતી તુ લોકોના અતરમા મ્હાલતી તારલીયા સાથ તુ ગગને બિરાજતી, યુવક યુવતીઓના દિલ ।ગજાવતી, રગ બેરગી તુ પોશાક સજાવતી ચાર દિન તારા તુ મોજે વીતાવતી

*

૨૪૯ તોફાને ચડેલી સરીતા ગામના ગામ તાણી લાવે પત્થરને પણ ચૂર્ણ કરવા સમર્થ છે પણ નેતરને લઈજતી નથી કારણ કે તે નમ્ર છે

*

૨૪૮ માટી અને માટીના વાસણ વ ચે જેટલુ અતર છે તેટલું જ માનવ માનવતા વચ્ચે છે માટી જ્યા સુધી કોઈ આકાર ધારણ કરતી નથી ત્યાં સુધી ઉપયોગી બની શકતી નથી માટી જ્યારે પ્યાલાનુ રૂપ પકડે છે ત્યારે જ પાણી પી શકાય છ તેમ માનવ દેહ માટે

*

૨૫૧ ભગવાન શ્રી મહાવીર, ગણધર શ્રી ગૌતમને 'સમય ગાયમ મા પમાયए'' આનુ આજ વાકય હજારો વખત સભળાવવા છતા ગૌતમને નથી મનમા રોષ કે નથી દિલમા દિલગીરી કિન્તુ નમ્ર ભાવે સાંભળેજ જાય છે

*

૨૫૨, વાસના તે હી વેદના એ વિશ્વનો અટલ અને અકાટ્ય સિદ્ધાન્ત છે

*

૨૫૩ વૈભવના ત્ગલાપર બેસીને પણ વીતરાગને બેવફાદાર ન બને તેજ વીતરાગનો વારસદાર બની શકે છે

*

૨૫૪ આત્મા ધારે તો માત્ર ૪૮ મિનીટમા સસારની સમગ્ર આગને સદા કાલ માટે શાન્ત કરી શકે છે

*

૨૫૫ આ સસાર અનેક દુખોથી સતપ્ત છે જ્યા જુઓ ત્યા આંસુઓના નોરણો બધાઈ રહેલા જોવા મળે છે

*

૨૫૬ શનિના પનોતીમાંથી બા વર્ષ પણ છૂટી શકાય છે પરન્તુ પરિગ્રહની કારમી પનોતીમાથી જીન્દગી પર્યંત છૂટી શકાતુ નથી

*

૨૫૭ સ્વાર્થ પાછળ મત વૈભવ પાછળ વાત્સલ્ય અને વિલાસ પાછળ વીતરાગ ભૂલી જવાય છે

*

૨૫૮ કાગડાની ચાચને સોનાથી મઢો તેના બને પગમા માણેક જડો અને તેના એકે એક પીછામા મોતી લટકાવો તો પણ કાગડો કદાપિ રાજહસની શોભા સ્વીકારી શકતો નથી

*

૨૫૯ મસ્તક પુષ્પને ધારણ કરે છે પણ સૌરભ તો નાશિકા જ લઈ શકે છે તેમ ઘણા શાસ્ત્રનુ અધ્યયન કરે છે પણ રહસ્ય પકડી શકતા નથી

*

૨૬૦ કન્યા સક્રાન્તિનો તડકો તુરતનુ જમાવેલુ દહી પરોઢિયાનુ મૈથુન અને પરોઢિયાનુ ઊઘવુ એ ચાર બાબતો પ્રાણનાશક છે

*

૨૬૧ મનમાથી જન્મેલી આશાઓ કદાચિ સફલ થતી નથી પોતાની સામે પડતા ચિત્રપટન મેળવવા મથે છે પણ તેમા પ્રાય નિષ્ફલતા મેળવાય છે

*

૨૬૨ પોતાના ઘરનુ ન્હાક પોતાની આવરદા, અપમાન ધન મૈથુન અને મ ન કર્મ આટલી વાતો અન્યની પાસે પ્રકાશવી નહિ

*

૨૬૩ કપડુ મેલુ હોય ત્યા સુધી રગાયડી શકે નહિ તેમ મન મેલુ હોય ત્યા સુધી ભક્તિનો રગ લાગી શકે નહિ

*

૨૬૪ આખ અને કાન એ ભગવાનને હૃદયમા દાખલ કરવાના દેહના બે દરવાજા છે ઘણા આખથી દર્શન કરી પ્રભુના વિરાટ સ્વરૂપને અતરમા ઉતારે છે અને ઘણા કાનથી શ્રવણ કરી ભગવાનને હૃદયમા ઉતારે છે

*

૨૬૫ એટલા મીઠા ન બનો કે લોકો તમને ગળી જાય એટલા નરમ પણ ન બનો કે લોકો તમને ચાવી જાય અને એટલા કડવા પણ ન બનો કે લોકો તમને થુકી કાઢે

*

૨૬૬ મનુષ્ય પોતાનુ પ્રેમપાત્ર ક્ષણે ક્ષણે બદલે છે પરતુ કયાંય તેને સતોષ કે શાતિ સપાદન થઈ શકતી નથી

*

૨૬૭ માનવ જીવનનુ લક્ષ ભોગ નથી પણ ભજન છે

*

૨૬૮ પ્રેમ એ ભક્તિનો પ્રાણ છે પ્રેમ વિનાની ભક્તિ વિધવા છે

*

૨૬૯ બને છેડે સળગતી લાકડી પર ચાલતી કીડીની જેવી આ જીન્દગાની છે

*

૨૭૦ દૂધ દેતી ગાયને વાછરડાના વિયોગમા અમાપ અકળામણ થાય છે તેમ સાધન સામગ્રીવાળા માનવને ધર્મ વિહોણુ કેટલુ અકારૂ લાગવુ જોઈએ

*

૨૭૧ સાંસારિક સંપત્તિ સોપારી જેવી છે સોપારી ભાગતા કેટલાકના દાંત તૂટયા છે કેટલાકને વાગ્યુ છે પરંતુ તેથી કોઈનુંય પેટ ભરાતું નથી

*

૨૭૨ પ્રભુના એક અંગનુ ચિન્તન એનુ નામ ધ્યાન, અને પ્રભુના સર્વાંગનુ ગંભીર ચિન્તન એનુ નામ ધારણા

*

૨૭૩ એકના લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે

*

૨૭૪ પાપ પહેલુ આંખ વાટે આવે છે આંખ બગડી એનું મન બગડયુ મન બગડયુ એનું જીવન બગડયુ વગર પ્રયોજને કોઇને આંખ આપવી નહિ

*

૨૭૫ રાજા ભોજે કવિ કાલિદાસને એક વખત પૂછેલુ કે આ દુનિયામાં ખાંડ કરતા વધારે ગળ્યુ શુ? જવાબમા ખાંડ કરતા વધુ ગળપણુ વખાણમાં છે

*

૨૭૬ ગો-ઇન્દ્રિયા કુલ-સમુદાય ઇન્દ્રિયો શુદ્ધ થશે તો તમારૂ હૃદય સ્વયં ગોકુલ બની જશે અને તેમા અન્તર્યામી અવતરશે

*

૨૭૭ શરીર છોડતા એટલે કે મરણ વખતે વીશ હજાર વીંછીઓ કરડે તેટલી સમવેદના સહન કરવાની રહે છે

*

૨૭૮ શબ્દ એ પંખી છે કે જે એક વખતે ઉડી ગયા બાદ પાછું પાંજરામા પ્રવેશી શકતું નથી

*

૨૭૯ વાસને સંસ્કૃતમા વસ્ત્ર કહ્યો છે અને તે સર્વત્ર વ્યાપક છે સગ્નપ્રસંગ લીલા વાસની ચોરી કરે છે અને રાસવાદિની પણ લીલા વાસની બાધે છે

૨૮૦ કોના ડુંગરમાં રત્નનિધાન દટાયેલું છે તે શોધી કાઢવું એ સહેલું નથી

*

૨૮૧ ઈશ્વરનું રૂપ ચતુર્ભુજ કહેવાય છે તમે પણ લગ્નમાંથી જોડાઈને ચતુર્ભુજ બન્યા છો કેમ ખરું ને? પણ વાસ્તવિક તમે ચતુર્ભુજ છો કે ચતુષ્પાદ છો? એ ગંભીર કોયડાનો ઉકેલ તમે સ્વયં કરી લેજો

*

૨૮૨ આ અવનિપર ચાર જાતના મનુષ્યો હોય છે, એક તિમિરમાંથી તિમિર પ્રતિ જનાર બીજા તિમિરમાંથી જ્યોતિ પ્રતિ જનાર ત્રીજા જ્યોતિમાંથી તિમિર તરફ જનાર અને ચોથા જ્યોતિમાંથી જ્યોતિ તરફ જનાર

*

૨૮૩ સ્ત્રી અને છાપું આ બંનેમાં પણ સામ્ય હોય છે સ્ત્રીની જીભ અને વર્તમાન પત્રનું પાનું એ બેઉમાં ઘણું સામ્ય છે બેઉને સમાચાર કે શબ્દો સાથે સંબંધ છે એક તીખા તમતમતા શબ્દો ઉચ્ચારે છે તો બીજું એવા જ તીખા તમતમતા શબ્દો છાપે છે બેઉના શબ્દો માનવીને કોઈવાર પ્રશંસાથી પલાળી મૂકે છે અને કોઈવાર મર્મવેધી શબ્દોથી ઘાયલ કરે છે

*

૨૮૪ ઉર્મિઓ અને આશાઓ વેદનાઓ અને કામનાઓ સંસ્કૃતિ અને સંવેદનાઓ માનવીના શરીર અણુ અણુમાં પર્યાપ્ત છે

*

૨૮૫ આંગળી જેટલું નાક સાચવવું એ માનવી માટે ભારે છે

*

૨૮૬ હોઠ પરથી એક શબ્દ નીકળી પડ્યા પછી તમે એને ૨૦ ઘોડાની મદદથી પણ પાછો નહિ જ વાળી શકો

*

૨૮૬ માતપિતાએ તમને જીવન આપ્યું પરંતુ જીવનને સાર્થક કેમ કરવું તે ધર્મગુરુએ શીખવ્યું માટે જ ગુરુ માટે ગૌરવ હોય છે

*

૨૮૮ સર્જન તેનુ વિસર્જન છે એ અટલ અને અકાટ્ય સિદ્ધાત છે,

*

૨૮૯ લક્ષ્મીની લાલસા અને વિષયના વાસના વિશ્વની વિભૂતિઓને નચાવી મૂકે છે

*

૨૯૦ કામિની અને કુતરી બેઉ બરાબર રીઝે તો ચાટે અને ખીજે તો કાટે

*

૨૯૧ કાલની ચાલ સાથે જેમણે જીવનનો તાલ મેળવ્યો છે એમની દરેક સાલ મુબારક જ નીવડે છે

*

૨૯૨ આ ભવનો સક્રિય ઉદ્યમ તે જ આવતા ભવનુ ભાગ્ય

*

૨૯૩ યાદ રાખો હમેશા મોતી અને મગ બને સરખા ભાગે ન વહેચાય

*

૨૯૪ દીપકની વાટમા જ્યોત જાગે છે ત્યારે કોડીયુ સોનાનુ છે રૂપાનુ છે કે માટીનુ છે તે જોવા માટે જ્યોત નીચી નજર કરતી નથી

*

૨૯૫ ભૂલ કરવી એ નહિ પણ ભૂલ કર્યા પછી ન સમજવી કે ન સુધારવી કે ન કબૂલ કરવી એ પતનની પગદડી છે

*

૨૯૬ માણસ એ શરીર આત્મા અને મન એ ત્રણથી બનેલ છે શરીરના પોષણ માટે અન્ન જોઇએ આત્માનુ પોષણ કરવા માટે ભક્તિ જ્ઞાન જોઈએ અને મનના પોષણ માટે વિનોદ જોઇએ તે વિના તેનામા રહેલી શક્તિઓ પૂર્ણવિસ્તારમાં પહોચી શકતી નથી

*

૨૯૭ ગ્રન્થોને વાચા નથી છતાં મુશ્કેલીને વખતે તે કિંમતી સલાહ આપે છે, તેમ જ તેને હાથ નથી છતા દુખી જનોના આસુ લૂછે છે

૨૯૮ તમારી આવડત અક્કલ બુદ્ધિ અને કુશળતા મોટા ભાગે તમારી પૌદ્‌ગલિક લાલસાની સિદ્ધિ માટે વપરાઈ રહી છે

*

૨૯૯ તમારા હૃદયમા પ્રેમના મહામાગરો ભર્યા પડયા છે એકાદ પ્રેમાજલી પીવડાવશો તો તમને કઇ ખોટ નથી પડવાની શા માટે! અન્યના આશીર્વાદ લેવા આળસુ બની બેઠા છો?

*

૩૦૦ તેત્રીશ કોટી દેવદેવીઓથી ઉભરાતા ભારતની રસસુંદરીઓ કર્તવ્ય પરિપાલન રાસની રમઝટ બોલાવી રહી છે સૌ સોહાગણો છે એમના રગેરગમા પ્રેમરસ ઉછરાય છે, એ દેવીઓ સ્નેહના અજબ રસા યણોથી જગતમા અપૂર્વ પ્રેમની જ્યોત પ્રગટાવે છે પશુના માનવ અને માનવના દેવ બનાવે છે

*

૩૦૧ ઘરમા દીવો જાગતો હોય તો ચોર પેસતા વિચાર કરે, તેમ આત્મામાં જ્ઞાનરૂપી, દીવો પ્રગટેલો રહે તો કર્મ પેસતા વિચાર કરશે

*

૩૦૨ ' **तस्यैवाहम सर्वेवाहम त्वमेवाहम** ' પહેલી ભાવનામા હું તેનો છુ બીજીમા હું તારો છુ અને ત્રીજીમા હું તું છુ પહેલામાં ઈશ્વર દૂર સમજાય છે, બીજામા સન્મુખ છે, અને ત્રીજામા દ્વૈતભાવ છૂટી જાય છે

*

૩૦૩ એક ચિત્રકારે સુદર અને આકર્ષક ચિત્ર ખુલ્લુ મુકયુ અને સાથે સાથે જાહેરાત કરી કે આ ચિત્રમાં ખામી હોય તે પેન્સીલથી નિશાન કરે, બે દિવસમા જ ચિત્ર ભરાઈ ગયુ પછી બીજુ મૂકીને આમા જે સારૂં દેખાય તે નિશાન કરે તપાસ કરી, કઈ જ નહિ મતલબ કે દુનિયા દોષને જુએ છે

*

૩૦૪ વર્તમાન વિપત્તિમા પણ ભાવી સપત્તિના પુણ્યાકુરો પ્રગટેલા હોય છે

*

૩૦૫ કર્તવ્યમા કલ્યાણ છે શોધમા બોધ છ સાનમા જ્ઞાન છે અને સમભાવમા સમકિત છે

*

૩૦૬ નયનને કહો કે જ્યા જ્યા તારી નજર પડે ત્યા ત્યાથી ઊંડુ સત્ય શોધજે, કાનને કહો કે જે જે સાભળે તેમાથી ઊંડો બોધપાઠ લેજે વાચાને કહો કે જે જે ઉચ્ચારે તેમાથી સત્ય ટપકાવજે અને કાયાને કહો કે જ્યા જ્યા તુ હાજરી આપે ત્યા ત્યા સેવાની સૌરભ પ્રસરાવજે

*

૩૦૭ મૂર્ચ્છાનો ત્યાગ એ દાનનો પ્રાણ છે વિષયો પ્રત્યે વિરાગ ભાવ એ શીલનો પ્રાણ છે અનાહારીપદની ઇચ્છા એ તપનો પ્રાણ છે અને એકાન્ત આત્મહિત દૃષ્ટિ એ ભાવધર્મનો પ્રાણ છ

*

૩૦૮ કપાસના બીજને લાક્ષારગની ભાવના દેઈ વાવવામા આવે તો તે કપાસથી ઉત્પન્ન થતા છીડવામા રૂ પણ લાલરગનુ જ થશે તેવી રીતે ઈહભવ કૃત કર્મ પરભવમા પરિણમે છે,

*

૩૦૯ સદ્‌ગૃહસ્થ પુરૂષ માટે સ્વપત્નિ એ ગુલાબના છોડ જેવી છે જ્યારે પરસ્ત્રી એ કાટાની વાડ જેવી છે તેવી જ રીતે સતી સ્ત્રીને સ્વપતિએ ચ દનના વૃક્ષ બરાબર છે અને પરપુરૂષ એ ચ દનવૃક્ષને વળગેલા સાપ સ શ છે

*

૩૧૦ ઘનઘોર થયેલી નિશામાં વિજળીના ચમકારાની એક પળભર સૃષ્ટિ-સૌન્દર્ય જોયુ ન જોયુ ત્યા પડદો પડી જાય છે

*

૩૧૧ સામાન્ય રીતિએ એવો ક્રમ છે મકાનનો બોજો ઝીલી રાખ નાર થાભનો જૂનો થઇ ગયો હોય તો તમે તે બોજાથી મુક્ત કરી અથવા તેની પાસે અ ય સ્તભ રાખીને સાથ અપાય છે

*

૩૧૨. સો સો વર્ષો સુધી ચકમકનો પત્થર પાણીમાં રહે છતાં એ પત્થર વચ્ચે રહેલો અગ્નિ બુઝાતો નથી

*

૩૧૩ પાણી ઉપર હજાર શબ્દો લખવા કરતાં પત્થર ઉપર માત્ર એકજ શબ્દ લખવો અધિક શ્રેયસ્કર છે

*

૩૧૪ ધર્મ એ એક મહાન શક્તિ છે, તેની આગળ સમ્રાટોએ શહેનશાહોએ અને સત્તાધીશોએ પણ પોતાના કામોની જડની કોઈપણ વખતે આપવીજ પડશે એ નિર્વિવાદ છે

*

૩૧૫ આફતો ન આવે તો મરદો જવાંમર્દ ક્યાં! આફતો ન આવે તો સંતો શાન્તિ ક્યાં રાખે! આફતે મહાવીરને મોટા કર્યા આફતે રામ-સીતાને દેવ બનાવ્યા આફતે નરસિંહને નામાંકિત કર્યાં

*

૩૧૬ રતનજડીત હૃદય પીંજર ખાલી કરી હંસલો ઉડી ગયો છે આયુષ્ય પૂર્ણ થયે શ્વાસોશ્વાસ સંપૂર્ણ થયે ખાતું સરભર થયે હિસાબ ચુકતો ભરપાઈ થયે ખાતાવહીમાંની ખાતું ખતમ થયું છે સર્વત્ર ગતિ દિવસ કાળ પોતાનું કામ કરી જ રહ્યો છે કાલે એ પ્રસંગ પડોશમાં હતો આજે આપણે ત્યાં છે કાલે પણ કોઈને ત્યાં હશે આપણાથી એ કુદરતી કાયદા આડે આવી શકાય એમ નથી આ આપણે બધા જાણીએ છીએ, છતાં આવે પ્રસંગે ધૈર્ય ખોઈ બેસીએ છીએ કાળના ફેસલા સામે અપીલને અવકાશ જ નથી

*

૩૧૭ જન્મોત્સવ વખતે જ મૃત્યુ મહોત્સવનું મુહૂર્ત નક્કી થાય છે એ આપણે સમજવા છતાં વીસરી જઈએ છીએ

*

૩૧૮ આ જગતમાં મનુષ્યોનો મોટો ભાગ સર્વદા નિમિત્તના બળથી જ ખેંચાતો જોવામાં આવે છે જેવા જેવા પ્રકારનું નિમિત્ત મળે છે તેવા તેવા કાર્યમાં તે સહેજે પ્રવર્તે છે

*

૩૧૯ બાળક એ શબ્દમા કેટલુ બધુ માધુર્ય રહેલુ છે એ શબ્દ માત્રથી જ આપણામા અનેક મનોહર કલ્પનાઓ ઉત્પન્ન થાય છે અને ઉમગી ભાવનાઓ જાગૃત થાય છે આપણી રગેરગમા આનદ રેલાય છે

*

૩૨૦ દુ ખ એ આપણા જીવનની શાશ્વત સ્થિતિ નથી આપણા જીવન પટપર વિશાલ વ્યોમ વિહારી વાદળી જેમ સરિતાના શ્વેતપટને અલ્પ સમય માટે આચ્છાદે છે

*

૩૨૧ અરે ઓ અધ અને સારાસારની સમજ વગરના માનવીઓ! તમે ભૂસાને ભરી રાખો છો અને અનાજને બાળી મૂકો છો જે જડ દ્રવ્યનો તમે ઉપયોગ કરી શકતા નથી તેને તમે એકઠુ કરી રાખો છો અને દેરી મ પત્તિથી પરમ પદાર્થ મેળવી શકો તેના તરફ બેદરકાર રહો છો

*

૩૨૨ દરેક માણસ પોતાની સૃષ્ટિ રચે છે અને આનદી માણસ હમેશા ઉલ્લાસ અને ઉમગી વાતાવરણમા વિચરે છે અને તેના ઉર સરોવરમાથી ટપકતા આનદની અજની બીજાને અર્પે છે બળેલા માણસની સુખસુના હમેશા સ્મશાન શોકથી છવાયેલી રહે છે તે પોતે સુકાય છે અને બીજાને સુકાવવા પયત્નશીલ રહે છે મનુષ્યના મનમા સ્વર્ગનુ નરક અને નરકનુ સ્વર્ગ બનાવવાની શક્તિ રહેલી છે આપણા સુખ દુ ખની ચાવી આપણા હાથમાજ છે મનુષ્યનુ મન જગલમા પણ મગલના મહાલયો રચે છે અને સસારમા સ્વર્ગ સર્જે છે

*

૩૨૩ બાહ્ય વસ્તુની આપણા મનપર જેવી અસર થાય છે તેના પર આપણા સુખ દુ ખનો આધાર રહે છે કારણ કે સુખ અને દુ ખ એ એક પ્રકારનો માનસિક અનુભવ જ છે દુ ખમાથી સુખનુ નવનીત નીતારવુ કે સુખમાથી દુ ખનુ હલાહલ વિષ કાઢવુ એ મનુષ્યના હાથમા છે

*

૩૨૪ એમ એ ની ડિગ્રી મેળવવી સહેલી છે પણ સજ્જનતાની ડિગ્રી મેળવવી મુશ્કેલ છે ડિગ્રીઓ હમેશા માણસના નામને દીપાવે છે જ્યારે સદ્ગુણ માણસને દીપાવે છે

*

૩૨૫ સૂતેલો માણસ સાત લાખ વિચારો કરે તો તે નકામા છે બેઠેલો માણસ બોંતેર લાખ વિચારો કરે તે પણ વ્યર્થ જ છે જ્યારે ઊભો થએલો માણસ અગર વિચારો કરશે તે પરિણામે સાકાર બનશે અને ચાલતો માણસ એક વિચાર કરે તો પણ બસ છે

*

૩૨૬ હે નાથ તારી અસીમ કૃપાના યોગે આજે હું તને પામી શક્યો છું જે કાંઈ કલ્યાણકર આરાધના હું કરી રહ્યો છું તેમાં તારો હાથ છે આ નિરાધાર સંસારમાં એકલો હું કેવળ તારા જ અવલંબને જીવન પથને ઉજાળવાને ઉત્સુક બન્યો છું

*

૩૨૭ આગ લાગ્યા પછી બારોગીના બગાને થયેલા કોલસા સોધા હોઈ શકે છે ધરતીકંપ થયા પછી પગ ગયેલા ઘરની ઈંટો સોધી હોઇ શકે છે પણ તેથી આગ અને ધરતીકંપ એ પ્રજાના લાભને માટે છે એમ કહી શકાય જ નહિ

*

૩૨૮ એક દિવસ એવું બન્યું કે એક રૂપની રાશિ જેવી રમણી હાથ અને મો ખૂલાં રાખીને ગુસ્સામાં એક વિભૂતિ સામે આવી ઉભી રહી તેને એવી હાલતમાં જોઈ આ મહાશય શરમાઈ ગયા અને કહી દીધું કે પહેલાં તું તારા હાથ અને મોં બુરખાની હેઠળ ઢાંકી દે તે કહેવા લાગી કે હું ખુદાએ સર્જેલી એક વસ્તુના પ્રેમની પાછળ એટલી પાગલ બની ગઈ કે હું મારૂં ભાન ગૂમાવી બેઠી

*

૩૨૯ જો આપે મને સાવધ ન કરી હોત તો હું આમ ખુલ્લે મોંએ બજારમાં પણ ચાલી જાત આપ રુષિ સર્જક ખુદાના પ્રેમમાં મસ્ત છો તો પછી આટલી વાત કરવાનું અને મારૂં મોં એથને શરમાઈ જવાનું ભાન આપને કેવી રીતે રહ્યું

*

૩૩૦ 'રૂપિયાનો વિયોગ થતી વખતે તમે રડો છો કિન્તુ રૂપિયા રડતા નથી

૩૩૧ જડની પાછળ ચેતન રડે ને ચેતનના વિયોગે જડ ન રડે એ કેવી મેહુદી વાત છે !

*

૩૩૨ ફૂટબોલના દડાને કોઈ લાકડીથી ફગાવે છે તો કોઈ લાતથી ઉડાવે છે જ્યા સુધી તેના પેટમા હવા છે ત્યાં સુધીજ તેણે ચારે બાજુથી ઠોકરો ખાવી પડે છે, જ્યારે એ હવા નીકળી જશે ત્યારે તેને કોઈ ઠોકર મારશે નહિ તેવી રીતે માનવીમા જ્યા સુધી અભિમાનરૂપી પવન છે ત્યા સુધી આ દુનીયામા ઠોકરો ખાવી પડશે

*

૩૩૩ આ યુવાનીનુ જોર હાથીના કાન જેવુ સધ્યાના રગરાગ જેવુ પીળા પડી ગયેલા પીપળાના પાન જેવુ ધુમાડાના ગોટા જેવુ અને પાણીના પરપોટા જેવુ છે

*

૩૩૪ જીવન તો બધાજ જીવે છે પણ જીવન બધાના કઇ સરખા નથી હોતા પત્થર તો ઘણા જોવા મલે છે પણ બધા કઇ ભગવાન નથી બની શકતા સજ્જનની પાછળ આંખોમા આસુ પણ ઉભરાય છે, પણ એ અનુવદનમા માન શોકની ખટાશજ નથી હોતી જીવન સાર્થકતાની તેમાથી ભીનારા ભક્તિ અને ભાવુકતાની ત્રિવેણી તરવળે છે

*

૩૩૫ નીતિનું ધર્મ સાથે લગ્ન ન થાય ત્યા સુધી નીતિ વિધવા છે, અને નીતિ વગરનો ધર્મ નિરથક છે, અર્થોપાજન કરવુ એ ધર્મ છે પણ ધર્માનુકૂળ અર્થ હોવો જોઇએ

*

૩૩૬ જળ, સ્થિર અને સ્વચ્છ હોય તો તેમા પ્રતિબિબ પડે છે આપણી હૃદય દિવાલને બહુ કાટ ચડયો છે તે કાટને સાફ કરવાની જરૂર છે તે સાફ થશે તો પરમાત્માનુ પતિબિબ તેમા પડશે

*

૩૩૭ ખાડની પૂતળી સાગરનુ ઉંડાણ માપવા ગઇ તે સાગરમાજ ગઈ લીન થઇ ગઈ તે સાગર સાથે મલી ગઈ પાણી નજ રીતે ઇશ્વરમા મળેલા મનને કોઈ જુદુ કરી શકૂ

૩૩૮ લોકો ઇશ્વરને આપે છે ધન પરન્તુ પરમાત્મા સૌની પાસે માગે છે મન.

*

૩૩૯ તપ કર્યા વગર કોઈને ચાલવાનુ નથી તપ ન કરે તો તેનુ તપથી ઉલટુ પત એટલે પતન થાય છે

*

૩૪૦ કેટલાક ચોર જેલમાં રહે જ્યારે કેટલાક ચોર મહેલમા રહે, ચોર એટલે વગર મહેનતે બીજાનુ પચાવે તે ચોર, જેનુ છે તેને આપ્યા વિના ખાય તે ચોર, શક્તિ હોવા છતા આતિથ્ય સત્કાર ન કરે તે ચોર પોતાના પુરતુ જે રાધીને ખાય તે ચોર

*

૩૪૧ પાપની મા મમતા છે જ્યારે પાપનો બાપ લોભ છે

*

૩૪૨ ઇશ્વરના દરબારમા વિષમતા નથી તમે પણ ભોજન વગેરેમા વિષમતા કરશો નહિ ઘણા શેઠીયાઓના ઘરમા ત્રણ જાતના ચોખા રહે છે, નોકરડીને માટે જુદા બીજાઓને આપવા માટે જુદા અને શેઠના પોતાના માટે જુદા દિલ્હીના અસલ બાસમતી આવો ભેદ ન કરો

*

૩૪૩ વરાહ ભગવાન એ સતોષનો અવતાર છે વર + અહ વર એટલે શ્રેષ્ઠ અને અહ એટલે દિવસ શ્રેષ્ઠ દિવસ કયો જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે

*

૩૪૪ વિવાહિત સ્ત્રી ભોગપત્ની નથી કિન્તુ ધર્મપત્ની માનવામા આવી છે જેના દ્વારા ધર્મનુ પાલન કરીને અભ્યુદય અને નિઃશ્રેયસ પ્રાપ્ત કરી શકાય છે

*

૩૪૫ મૂળમાથી કપાઈ ગયેલા વૃક્ષમા કપાયા પૂર્વે જે રસકસ ચાલી ચૂક્યો હોય છે તેને લીધે કપાઈ ગયા પછી પણ તેના પત્ર ફળ વગેરે થોડો ઘણો સમય જેવો ને તે [illegible] ગ આપે છે

*

૩૪૬ હું તું તમે સૌ કોઇ સુખના જ અભિલાષી છીએ પરન્તુ સુખ
પ્રતિપળે પલટો લેતુ હોય છે અને તે લગભગ મન ઉપર જ નિર્ધારિત
હોય છે

*

૩૪૭ આપણુ મન બારે માસ બેચેન રહેતુ હોય છે એને કઇજ ગમતુ
નથી ક્યાય એ ઠરીને બેસતુ નથી કોઇને કોઇ ઈર્ષામણુમાજ એ રીબાયા
કરે છે

*

૩૪૮ સનાતન સત્યને માનવ ભૂલી ગયો પરિણામે શસ્ત્રોએ સલામતી
સર્જવાને બદલે જોખમ સર્જ્યું પુસ્તકોએ જ્ઞાન સર્જવાને બદલે ભ્રમણાએ
સર્જી અને ખાદ્ય પદાર્થોએ આરોગ્ય સર્જવાને બદલે રોગો સર્જ્યા
રાજ્યતંત્રે સુવ્યવસ્થા સર્જવાને બદલે અરાજકતા ઉભી કરી વ્યાપાર
વાણિજ્યે સમૃદ્ધિ સર્જવાને બદલે બેકારી અને ભૂખમરો વધાર્યો

*

૩૪૯ પોતાના ભૌતિક પરિગ્રહમા પારાવાર ઉમેરો કર્યો ધનના ઢગલા
કર્યા વૈભવમા આગોટયો સામ્રાજ્યો સ્થાપ્યા પાંડિત્યનુ પ્રદર્શન કર્યુ
સાહિત્ય કલા અને સંગીતના શિખરો સર કર્યા કિન્તુ જ્યા સુધી
અધ્યાત્મવાદના દર્શન ન કર્યા ત્યા સુધી અંધારામા જ છુ એમ માનવુ
રહ્યુ

*

૩૫૦ રોતા રોતા જન્મ્યા એમા તો નિરુપાય હતા કિન્તુ હસતા હસતા
હોશથી જીવવુ હોય તો જીવનમાં શાન્તિ સમતા અને સંતોષને શરણે જાવ

*

૩૫૧ ધર્મશીલ આત્મા દરિદ્રી હોય એ બનવા જોગ છે પણ તે દીન
નહિ હોવો જોઈએ દરિદ્ર ન બનવુ એ સ્વાધીન નથી પરન્તુ દરિદ્ર
અવસ્થામા પણ દીન ન બનવુ એ ખુદ ઉપર નિર્ભર છ

*

૩૫૨ તમે નિરાધાર કે અનાથ છોજ નહિ, તમારા માથે ભગવાન ધણી છે તે પણ સામાન્ય નથી સમગ્ર સૃષ્ટિપર જેની છાયા છવાઈ ગઈ છે અવનિપર જેનુ આધિપત્ય ઉભરાઈ રહ્યુ છે તે મહાન્ શક્તિના સૂત્રધારની તમને સહાય સહાય છે તો પછી આવુ રડતુ મ્હો કરી શા માટે ખેદ ધારણ કરી રહ્યા છો ?

*

૩૫૩ તારા હૃદયમા વસી રહેલા અતરના અધિષ્ઠાતા આત્મદેવના દર્શન કર. અલ્પ સમયમા અનુભવ થશે કે હૂ અનાથ નથી પણ સનાથ છુ નિરાધાર નથી પણ પરમ કૃપાળુ પરમાત્માના સતત સાનિધ્ય તને છુ આટનુ ધ્યાનમાં રાખી આગળ ધસીશ તો ફતેહમદ નીવડીશ

*

૩૫૪ જગતના જડ પદાર્થો કરતા મારો આત્મા અધિક મૂલ્યવાન છે જગત મને દોરે તેના કરતા હુ જગતને દોરૂ વિષય વિલાસોથી આત્મતેજની હાનિ છે કેમકે તેનાથી આતુરતા આધીનતા અપેક્ષાભાવ અને વિહ્વલતાની વૃદ્ધિ થાય છે

*

૩૫૫ જીવન સગ્રામ એટલે જીવનની સાથે સગ્રામ જીવનભર સગ્રામ, જીવનને માટે સગ્રામ સગ્રામ માટે આત્માએ સુભટ બનવુ જરૂરી છે

*

૩૫૬ હાથમા દીપક લઈ જનાર બાલકને કોઈએ પૂછ્યુ આ દીવો ક્યાથી આવ્યો ! એટલામા પવનની લહેર આવી તેથી દીવો હોલવાઈ ગયો હવે બાલકે તે મહાશયને પૂછ્યુ પહેલા આપ બતાવો કે એ દીવો કયા ગયો ? પછી હુ બતાવુ કે તે કયાથી આ વ્યો હતો (બાળકના ઉત્તરનું રહસ્ય એ હતુ કે દીવો શૂન્યમાંથી આવ્યો હતો અને શૂન્યમાં સમા ગયો હતો)

*

૩૫૮ મનમા કામ ક્રોધ હોય તેને સર્વત્ર કામ દેખાય એક સદ્‌ગૃહસ્થની ૧૮ વર્ષની કન્યા સાસરે જવા નીકળી દિકરી રડવા લાગી તેથી બાપની પણ આખે આસુઓના તોરણ બધાવા લાગ્યા દિકરી પિતાને નમન કરવા આવી બાપે તેને છાતી સરસી ચાપી નિર્વિકાર ભાવે પિતાપુત્રી મળે છે રસ્તા પર એક ભાઈ પસાર થઈ રહ્યા હતા તેણે આ ચિત્ર જોયુ તેના મનમાં કામ હતો તે આ સબધ જાણતો ન હતો તેના મનમા પાપ આવ્યુ કે આ બન્ને દુરાચાર સેવે છે

*

૩૫૯ રઘુને ત્યા થયા અજ અને અજને ત્યા થયા દશરથ રાજા અયોધ્યામા રાજ કરતા હતા પૂર્વ જન્મમા તેઓ બ્રાહ્મણ હતા ગામ બરાર રણછોડરાયનુ મન્દિર બ્રાહ્મણનો નિયમ રોજ એક હજાર તુલસીદળ ભગવાનને અર્પણ કરતા વૃદ્ધ થયા છે ૮૫ વર્ષની વય થઈ છે એક વખત તાવ આવ્યો દશરથ તાવને કહે હુ મારા ઠાકોરજીની સેવા કરી આવુ પછી તુ આવજે તાવનુ દુખ ભોગવવા તૈયાર છુ પણ મારી સેવાનો ક્રમ ન તૂટે સકલ્પ કર્યો તે જ ક્ષણે તાવ ભાગી ગયો

*

૩૬૦ રામચન્દ્રજીમા સર્વ સદ્‌ગુણો એકત્ર થયા છે રામચદ્રજી એક પત્ની વ્રત પાળે છે વડીલોનુ જેટલુ સારુ અનુકરણીય લાગ્યુ તેટલુ જ જીવનમાં ઉતાર્યું છે રામચદ્રજીએ દશરથનુ બધુ રાખ્યુ એક વસ્તુ રાખી નથી તેનુ બહુ પત્ની વ્રત રાખ્યુ ન હતુ

*

૩૬૧ એકી બેકીની રમત રમાય છે પતિપત્નીનો સ્વભાવ એક ન થાય ત્યા સુધી લગ્ન સફલ થતુ નથી તન બે પણ મન એક એનુ નામ લગ્ન સીતાજી પૂછે છે બોલો એકી કે બેકી રામચન્દ્રજી કહે છે કે એકી

*

૩૬૨ વાસળીએ કૃષ્ણની પટરાણી છે રાતે શ્રીકૃષ્ણ સૂએ છે ત્યારે પણ વાસળી ભગવાનના શ્રી અગનો સ્પર્શ કરતાં સૂએ છે આ વાસળી પરમાત્મા સાથે પરણી છે તેથી તેને નિત્ય સયોગ પ્રાપ્ત થયો છે શ્રીકૃષ્ણના અધરામૃતનુ તે નિત્ય પાન કરે છે વાસળી જેવા બને છે તે ભગવાનને અપ્રિય નથી બનતા

*

૩૬૩ મનુષ્યનુ કાળજુ કણુ છે કાળજાનો રંગ કાળો છે મનુષ્યના કાળજામા કામ વસે છે તેથી તે કાળુ છે વારંવાર શ્રીકૃષ્ણ કીર્તન કરે તેના કાળજાની કાળાશ કનૈયો ખેંચી લે છે એટલે કનૈયો કાળો છે

*

૩૬૪ યોગીઓના શરીરમાંથી કામ જાય છે પણ બુદ્ધિમાંથી કામ જતો નથી વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો શિથિલ થતાં કામ ઇન્દ્રિયમાંથી જાય છે પરંતુ મનમાંથી કામ જતો નથી

*

૩૬૫ પશુ પક્ષીમા પણ ઈશ્વર ભાવના જગાવવા માટે જ દરેક દેવદેવીઓએ પશુ પક્ષીઓને પોતાના વાહન તરીકે નિયુક્ત કર્યાં છે

*

૩૬૬ વાતાં અને વિચારમા સમયને નહિ ગુમાવશો. તેમા જ યદિ સમય ગુમાવશો તો આચારમાં ક્યારે ઉતારશો. આજદિન સુધી પૈસા પાછળ પડયા હવે થોડા પ્રભુ પાછળ પડો. આજની અશાન્તિનુ કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો તે છે

*

૩૬૭ ગીતાજીમા એક શ્લોક આવે છે " સિદ્ધિ ભવતિ કર્મજા " તેનો સાચો અર્થ છે કે કર્મોથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેને બદલે વિલાસીઓ અર્થ કરે છે કર મજા વાસ્તવિક રીતિએ આ શ્લોકમા અનાસક્તિનો બોધ આપ્યો છે

*

૩૬૮ મનમા વિરોધ રાખશો નહિ તો નિરોધ જલદી કરી શકશો

*

૩૬૯ વિજ્ઞાન શાસ્ત્રની શોધ અનુસાર એક સમાગમ વખતે લગભગ દૂધની એક ચમચી જેટલા વીર્યનુ વિસર્જન થાય છે અને તેમા ૨૨ક્રોડ અને ૫૦ લાખ શુક્રાણુઓ રહેલા હોય છે જે પૈકી એક શુક્રાણુ પણ એક મહા માનવ સર્જવાનુ સામર્થ્ય ધરાવે છે

૩૭૦ ચાર પુરૂષાર્થમા પ્રથમ પુરૂષાર્થ ધર્મ છે એને છોડીને બીજા પુરૂષાર્થની પાછળ પડશો તો તે મહેનત વ્યર્થ જશે હમેશા ધર્મ એ એ જીન છે તે વિના ડબ્બાઓ કયા સુધી જવાના હતા, ધક્કા મારી મારીને એક સ્ટેશન પાર કર્યા પછી પણ એતો અટકી જવાના છે

*

૩૭૧ સર્વજ્ઞ ભગવંતોનો મુખ્ય ઉપદેશ એ છે કે "પાવકમ્મ નેવ કુજ્જા" ન કારવેજ્જા, બુદ્ધ—સ વ પાવસ્સ અકરણ, વૈદિક શ્રુતિઓ— પ્રશસ્તાનિ સદા કુર્યાત્ અપ્રશસ્તાનિ વર્જયેત્" એ રીતિએ જરથુષ્ટ અને ખ્રિસ્તી ધર્મ કે ઇસ્લામ ધર્મમા પણ પાપકર્મો ન કરવાની આજ્ઞા છે

*

૩૭૨ સ્ત્રી અને પુરૂષ બનેમા વાસનાની સરિતાનો પ્રચડ ધોધ વહી રહ્યો છે એ પ્રવાહને શુભ કે અશુભ માર્ગે લઇ જઇ શકાય છે

*

૩૭૩ જીભમા મારણ અને તારણ શક્તિ રહેલી છ અને તે રોગ માનતી જનેતા છે

*

૩૭૪ મન્ ધાતુ ઉપરથી મનુષ્ય શબ્દ બનેલો છે મન—વિચાર કરવો મનન કરવુ યોગ્યા યોગ્યનો વિચાર કરવાની અને મનન કરવાની શક્તિ માણસ જાતને સાંપડી છે અને તેનો ઉપયોગ પોતાને ઓળખવા માટે કરવાનો છે માનવ મહાન છે તેની પાસે બુદ્ધિનો વૈભવ છે તે કોલસાની ખાણમાથી હીરા કાઢી શકે છે માટી અને રાખમાથી સોનુ બનાવી શકે છે ગટરના ગદા પાણીમાથી ગેસ અને વિજળી મળવી શકે છે ગટરોમા ગેસ પેદા થાય છે જે સારાય મુબઈ શહેરને પ્રકાશ આપે છે દુખમાથી સુખ શોધી શકે તે જ ખરો માનવ

*

૩૭૫ તમે મોતના હાથામા જ પડેલા છો એમ માની સત્કર્મ પુણ્યદાન જે થાય તે કરી લો અને પુણ્ય ભડાર ભરી લો

*

૩૭૬ પૃથ્વીના પ્રત્યેક રજકણો ગણવા સહેલા છે, વરસાદના ફોરા પણ ગણવા તેટલા જ સહેલા છે સરોવરના પાણીમા ચાલતા જલચર પ્રાણીના પદપથને પકડવો સહેલો છે પણ મનુષ્ય અવતારની પુન પ્રાપ્તિ સુદુર્લભ છે

*

૩૭૭ નિરંકુશ મન જે કરી બેસે છે તે વકરાયેલો સિંહ કે અત્યંત રોષમાં ભરાયેલો સર્પ પણ તેવું અનિષ્ટ કરતો નથી

*

૩૭૮ પૈસાની તૃષ્ણાએ પૃથ્વી ખોદી નાખી, પર્વતની ધાતુઓને ગાળી નાખી, અગાધ સમુદ્રની સફરની સફર કરી, રાજાઓને ખુશી કર્યા મંત્ર સાધવા માટે સ્મશાનમાં રાત્રિઓ પસાર કરી તો પણ ફૂટી કોડી પણ મળવા પામી નહિ

*

૩૭૯ પ્રચંડ તાપમાં પણ ઝાડ લીલુંછમ રહે છે! કારણ કે એના મૂળ ધરતીની શીતળ છાયામાં રહેલા છે માતાની ગોદમાં જ જેણે ઝુકાવ્યું પછી તેને પરિતાપ શાને ?

*

૩૮૦ ધૂળમાંથી ઊભો કરવામાં આવેલો મહેલ તૂટી પડતાં બાળક આનંદ અનુભવે છે જ્યારે માનવીનું ઘર ભાંગી જાય છે ત્યારે પાલક પોતે જ રડવા બેસે છે

*

૩૮૧ યોગેશ્વર શ્રી આનંદઘનની સામે વિશ્વની કંચક વિભૂતિઓ સુવર્ણ-સિદ્ધિનો થાળ ધરે છે છતાંય વૃત્તિ લાલાયિત થતી ન હતી કારણ કે પોતાની પ્રવૃત્તિમાં આત્મવિનોપન અનુભવી રહ્યા હતા હંમેશા અધ્યાત્મવાદ પ્રેમ સાથે સ્વાર્પણ માગી લે છે

*

૩૮૨ માણસ હાંડલામાંય પણ નમામાં પત્થર કે કાંકરા નથી ભરતો તો શું માનવનું મગજ હાંડકા કરતાંય હલકું છે કે જે આવે તે ભરે જ રાખનું

*

૩૮૩ ગરમ તવા ઉપર પડેલું પહેલું પાણીનું ટીપું તો બળી જાય છે એમ એક પછી એક સો ટીપાં બળી ગયા પછી એકસો એકમું ટીપું તવા ઉપર દેખાય છે પણ પહેલાંના સો ટીપાં નિષ્ફળ નીવડયા નથી આની પાછળ સો ટીપાઓનો ત્યાગ રહેલો હોય છે

*

૩૮૪ સંપત્તિ, સત્તા અને શરીરને કાળ વાપરે તે પહેલાં તમે તેને સન્માર્ગે વાપરી દો

૩૮૫ લગ્નની કંકોતરીમા અમારા ચિ   ભાઈના લગ્ન નિર્ધાર્યા છે આમ માન મેળવાય છે પણ કાળોતરી લખવી હોય તો એ ટાપનો ઈશ્વર ઉપર જ મૂકવામા આવે છે—ઈશ્વરને જે ગમ્યુ તે ખરૂ

*

૩૮૬ જળમા ચન્દ્રમાનુ પ્રતિબિબ પડે છે જળના હલનચલનને કારણે એ પ્રતિબિબ હાલતુંચાલતુ દેખાય અથવા કપિત દેખાય છે પણ ચદ્રમાને તે તે પ્રમાણે થવુ હોતુ નથી તેમ દેહાદિના ધર્મો પોતાનામા નહિ હોવા છતા જીવાત્મા તે પોતાનામા કલ્પી લે છે બાકી જીવાત્મા નિર્લેપ છે

*

૩૮૭ સત્ત્વ રજસ અને તમ એ ત્રિગુણનો નાશ કરી નિર્ગુણી બને તે અત્રિ અને તેની પત્ની અનસૂયા (અદેખાઈ ઈર્ષ્યા ન હોવી તે)

*

૩૮૮ શ્રદ્ધા, દયા મૈત્રી શાતિ, તુષ્ટિ, મેધા ધૃતિ અને મતિ સાથે ધર્મના લગ્ન થયેલા છે આ ગુણો જીવનમા ઉતરે તો ધર્મ જરૂર ફને છે

*

૩૮૯ મહાભારતના યુદ્ધનુ અને રામાયણના કરૂણ પ્રસગોનુ મૂળ કર્કશ-વાણીમા છે, દુર્યોધનનો પગ લપસ્યો અને તે નીચે પડ્યો એટલે ભીમ બોલ્યો કે, अधस्य पुत्र अध ’ દુર્યોધનને આ શબ્દોએ ઘાયલ કર્યો પરિણામે મહાભારતનો પ્રારભ થયો

*

૩૯૦ ઉત્તાનપાદને બે રાણીઓ હતી સુરુચિ અને સુનીતિ વાસ્તવિક રીતિએ તો જીવમાત્ર ઉત્તાનપાદ છે માના પેટમા રહેલો જીવ ઉત્તાનપાદ છે પ્રાણી જન્મે છે ત્યારે માથુ પહેલુ બહાર આવે છે પગ પછી બહાર આવે છે જેના પગ ઊચા હતા પણ પાછળથી નીચા થયા તે ઉત્તાનપાદ કહેવાય છે જન્મતી વખતે દરેકની આ પરિસ્થિતિ હોય છે જીવ માત્રને બે રાણીઓ છે સુરુચિ અને સુનીતિ પ્રાણીમાત્રને સુરુચિ વહાલી હોય છે જ્યારે સુનીતિ અળખામણી લાગે છે

૩૯૧ નાળિયેરમા ટોપરૂં ચાચલી એક નથી છતા નાળિયેરમા પાણી છે ત્યા સુધી કાચલી ટોપરાને છોડતી નથી તેમ મનુષ્યમા જ્યા સુધી વિષયરસ છે ત્યા સુધી શરીર અને આત્મા જુદા છે તેનો અનુભવ થતો નથી કાચલી એ શરીર છે અને ટોપરૂં એ આત્મા છે કાચલીથી ટોપરૂં અલગ કરવુ કઠીન છે તેમ પાણી હશે ત્યા સુધી કાચલી કોપરાને છોડશે નહિ તેમ સંસારની કોઈપણ વસ્તુમા સ્નેહ હોય ત્યા સુધી શરીરથી આત્મા જુદો છે એમ સમજાય નહિ

*

૩૯૨ પોતાના છોકરાનુ વજન માને લાગતું નથી કારણ કે મનમા મમતા છે પોતાનો બાબો હલકો અને બીજાનો બાબો ભારે લાગે છે માને મન પોતાનો બાબો વજનદાર હોય તો પણ ફુલ જેવો હલકો લાગે છે ત્યા મમતા જ કામ કરી રહી હોય છે

*

૩૯૩ નિન્દાદેવી કથા કીર્તનમાં વિઘ્ન કરવા આવે છે કુંભકર્ણની પત્ની નિદ્રા દેવી વિધવા થઈ ત્યારે રાજા રામચન્દ્રજીની પાસે તેણીએ કહ્યુ આપે મારી છે હવે હું કયા રહું ? રામચંદ્રજી કહે છે તુ માગે તે સ્થાન આપુ ત્યારે નિન્દાદેવીએ કહ્યુ કે જ્યા તમારૂં કથાકીર્તન થાય ત્યા હું મારૂં આસન પહેલુ રાખીશ આજે પણ કોઈની નિન્દા સાંભળવામા નિદ્રા આડી નહિ આવે સ્તુતિમા સવાર થઈ જશે

*

૩૯૪ એક વખત મીરાંબાઇ ભક્તો સાથે કીર્તન કરી રહ્યાં હતા તે વખતે ઘણા લોકોનો તાલ બરાબર પડતો ન હતો બીજા દિવસે આ ભૂલ ન થાય એટલે કોઈએ મોટા અક્ષરે ત્યા લખ્યુ "તાલસે ગાના" બીજે દીવસે મીરાબાઈની નજર તે બોર્ડ પર પડી અને તુરત સુધારો કરાવ્યો કે 'પ્રેમસે ગાના' હંમેશા કથાકીર્તનમા તાલ કરતાં પ્રેમની કિંમત છે

*

૩૯૫ સમુદ્રમાથી પ્રથમ ઝેર નીકળ્યુ મનને સ્થિર રાખી પ્રભુ પાછળ પડશો એટલે સહેજે પહેલુ ઝેર મળશે ઝેર પચાવશો એટલે અમૃત મળશે, મહા પુરૂષોએ ઝેર પચાવ્યુ, દુખ સહન કર્યું એટલે તેઓને અમૃત સુખ મળ્યુ

૩૯૬ જીવનમંથન શરૂ થાય એટલે પ્રથમ વિષ મળશે, યુવાનીમાંથી મંથન શરૂ થાય છે પહેલા વિષયો મળશે વિષયો એ વિષથી પણ કાતીલ છે, સોળમા વર્ષથી જીવનમા મંથન શરૂ થાય છે મનમા વાસનાનુ ઝેર ઉત્પન્ન થાય છે તે વખતે મનને મંદરાચળ જેવુ સ્થિર કરશો તો મંથનમાંથી અમૃત મળશે

*

૩૯૭ સુતરને ૯૬ વખત લપેટવુ પડે છે વેદોમા કર્મ અને ઉપાસનાના મંત્રો ૯૬૦૦૦ છે તેને જાણવાનો અધિકાર ત્યારે જ મળે છે

*

૩૯૮ ગીતાજીનો આરંભ ધર્મ શબ્દથી કર્યો છે "ધર્મક્ષેત્રે"માં પહેલો શબ્દ ધર્મ અને ગીતાજીની પરિસમાપ્તિ 'મમ' શબ્દથી કરી છે એ વચ્ચે મધ્યમા ગીતા 'મમધર્મ' સત્કર્મ એ જ મારૂં

*

૩૯૯ દીવાના પ્રકાશમા સ્વ ધર્મનો મંગલ પાઠ કરો કે તે પ્રકાશમા દુર્જન ચોરી કરે તો પણ તેના પ્રત્યે દીવાને કુભાવ નથી એ જ પ્રમાણે સજ્જનોનો પણ એવો જ સ્વભાવ હોવો જોઈએ

*

૪૦૦ શિવજીના દરબારમા બળદ અને સિંહ સામે રહે છે તે બન્ને વચ્ચે જન્મસિદ્ધ વૈર છે તેમ છતા શિવજીના દરબારમા આવ્યા પછી પશુઓ પણ વૈરભાવ ભૂલી જાય છે

*

૪૦૧ ક્ષણને કાબુમા લેશો તો જીદગી ઉપર કંટ્રોલ કરી શકશો

*

૪૦૨ પત્ની લક્ષ્મી છે જ્યારે માતા મહાલક્ષ્મી છે મહાલક્ષ્મી માતા દળણા દળીને પણ પુત્રને પાળે, લક્ષ્મીપત્ની પતિદેવ રળીને લાવે તો પતિને પ્રમોદ પમાડી શકે

*

૪૦૩ સો સદ્‌ગુણ સંપાદન કરવાની કોશીષ કરવા કરતા અવગુણ વિનાનો એક ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો

૪૦૪ ઇન્દ્ર-ઇન્દ્રાણીને ઝગડો થયો વિષય ઉપર જેણે વિજય નથી મેળવ્યો તે ઇન્દ્ર મનાવવા જાય છે ત્યારે ઇન્દ્રાણી ઇન્દ્રને એવી તો લાત મારે છે તે મુગટ પણ ભોંય ગબડી પડયો છતાં ઇન્દ્ર પૂછે છે દેવી તારા કોમલ પગને વાગ્યુ તો નથી ને ! જુઓને મોહની કેટલી વિચિત્રતા છે

*

૪૦૫ દિવસને દાનથી ધ્યાનથી અને સયમથી સફલ બનાવવો એને વાઝિયો નહિ જવા દેવો એને ક ઇક પણ ઉગારીને પછી જ આથમવા દેવો તેમા જ માનવતા છે

*

૪૦૬ ઉપાસના તો એનું નામ છે કે જેમા જીભને તો શુ હાલવાનુ હોય પણ શરીરના હાડકા અને નાડાઓના પરમાણુ હલમલી જાય આંસુથી ભરેલા નયને અને રડી રહેલા હ યે જો સાધના કરવામા આવે તો એવુ કયુ પાપ છે કે જે ઝાટકી ન શકાય

*

૪૦૭ ગે કનો કેશીનર પોતાના લાખ્ખોના નાણા હોવા છતા પણ તે વિષે પોતાનુ મમત્વ રાખ્યા વિના તટસ્થ ભાવે રહે છે તેમ આપણે સ સારમા તટસ્થ ભાવે રહેવાનો અભ્યાસ કરીએ તો ઘણા જ બ ધનોમાથી મુક્ત થવાય

*

૪૦૮ સોના-ચાંદી હીરામોતી હાથી ઘોડા અને અ ત પુરની સે કડો રાણીઓથી ઉભરાતા રાજમહેલો આપણે જોયા છે નથી જોવામા આવ્યો માત્ર નિજ વૈભવ તેનાથી અત્યન્ત અજ્ઞાત છીએ આત્મવૈભવ કે આત્માની અતુલ સમ્પત્તિ તિજોરીઓમા કે સેફ ડીપોઝીટ વોલ્ટમા નથી

*

૪૦૯ વાસનાને સ્વકીય દાસી બનાવનારા સહજાનંદી વ્યક્તિમાથી શક્તિનુ કેન્દ્ર બનતો જાય છે

*

૪૧૦ ધન્ય ધન્ય જીવ્યુ જગડુશાહનુ જગડુશા જ્યારે સ્વર્ગની સુદરીઓના નયનોમા અમૃતાજન કરવા ગયા હતા ત્યારે જગતની આંખે આંસુઓના તોરણો બધાવા લાગ્યા હતા દિલ્હીપતિએ મસ્તક પરથી મુકુટ ઉતારી નાખ્યો હતો અને સિંધના રાજા હમીરે બે દિવસ સુધી અન્ન ખાધુ ન હતુ

*

૪૧૧ જીદગી ટુકી છે એમ આપણે બધાયે કહીએ છીએ છતા જીદગી આપણે એવી રીતિએ જીવીએ છીયે કે તેનો અત આવવાનો ન હોય જો જીદગી ટૂકી જ છે તો પછી સામે પડેલા કાચના ટગતા તરફ નજર માડવાને બદલે વીતી ગયેલી વાતનો અફસોસ કરવાનુ અને સમયની બર બાદી કરવાનુ આપણને પરવડે જ કેમ !

*

૪૧૨ પખીઓનો પ્રેમ જોઇને માનવીએ પ્રેરણા મેળવી છે પણ માનવી તો પ્રેમ પખીઓને કદીયે પ્રેરણારૂપ નથી નીવડી શકયો

*

૪૧૩ અવકાશ કે તક તેમા માન સોયના નાકા જેટલી જ જગ્યા હોય છે જિદગીના ધાગાને તેમાથી પસાર કરતા આવડશે તો ઘણુ ખરુ સધાઈ જશે,

*

૪૧૪ હમેશા વિધિની એવી વિચિત્રતા છે કે માતા અને પુત્રીનુ સૌભાગ્ય એક જ દિવસે નદવાય છે,

*

૪૧૫ રાવણને લોકો રાક્ષસ કહે છે રાક્ષસ એટલે મોટા દાતવાળો નહિ પરન્તુ અનિયત્રિત વૃત્તિવાળો જેની વૃત્તિઓ પોતાના કાબૂમા નથી એ રાક્ષસ છે

*

૪૧૬ મધ દરિયામા વહાણ ઉપર બેઠેલા પખીને તે વહાણ સિવાય બીજો કોઇ આધાર નથી અનત આકાશમા તે ગમે તેટલા ચક્કર લગાવે પણ અતે તો થાકી થાકીને તે પ્રવહણ ઉપર આવીને બેસશે

*

૪૧૭ કીડીઓ પરસ્પર મો સૂધે છે એ રીતે તેઓ પરસ્પર ઓળખે છે કે પોતાના ટોળાની જ કીડી છે બહારના ટોળાની કીડીને તે પોતાના ટોળામા સ્વીકારતી નથી

*

૪૧૮ ચાલતી કીડીની પક્તિ ઉન્નત ગિરિશૃગપર જઇ ચડે છે જ્યારે બેસી રહેનારો ગરુડ હોય તો પણ એક પગનુ આગળ વધી શકતો નથી

*